# મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો.

રાજ્ય-સેવાઓ (વર્ગીકરણ, નિયંત્રણ અને અપીલ) નિયમોમાંના નિયમ ૪૧, ૪૨ અને નિયમ ૪૪ના ખંડ (ઘ) થી મળેલી સત્તાની રૂએ અને આ સાથે કરેલા નિયમોમાંની અપવાદરૂપ કોઈ સ્પષ્ટ જોગવાઈઓને અધીન રહીને, મુંબઈ સરકાર, પોતાની નિયમો કરવાની સત્તા અથવા નિયત્રંણને અધીન વ્યકિતઓને લાગુ પડતા જનરલ પ્રોવિડન્ટ ફંડનું નિયમન કરતા વિધમાન નિયમો રદ કરીને, નીચેના નિયમો કરેછે. જેને ઉપયુકત રાજ્ય-સેવાઓ (વર્ગીકરણ, નિયંત્રણ અને અપીલ) નિયમોના નિયમ ૧૧ અનુસાર ગવર્નર જનરલ ઈન કાઉન્સિલની પૂર્વ-મંજૂરી મળી ચૂકી છે.

જેમકે:-

## મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો, ટૂંકી સંજ્ઞા અને વ્યાખ્યા.

૧ (ક) આ નિયમો, 'મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો' કહેવાશે.

(ખ) તે તારીખ ૧લી ઓકટોબર, ૧૯૩૬ થી અમલમાં આવશે.

૨ (૧) આ નિયમોમાં ........

* (ક) [હિસાબ અધિકારી એટલે:-

(૧) ચોથા વર્ગના સરકારી કર્મચારીઓ સિવાયના અન્ય સરકારી કર્મચારીઓના સંબંધમાં, એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અને

(૨) ચોથા વર્ગના સરકારી કર્મચારીઓના સંબંધમાં, હિસાબ અને તિજોરી નિયામક, ગુજરાત રાજ્ય.]

(ખ) અન્યથા સ્પષ્ટ જોગવાઈ કરી હોય તે સિવાય, મળતર એટલે, મુંબઈ રાજ્ય સેવા નિયમોમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે પગાર, રજા પગાર અથવા નિર્વાહ ગ્રાન્ટ [ + ] અને રાજ્યેતર સેવા અંગે મળતા પગારના સ્વરૂપનું કોઈપણ મહેનતાણું.

(ગ) કુટુંબ એટલે-

(૧) પુરૂષ બચતદારની બાબતમાં, બચતદારની પત્ની અથવા પત્નીઓ અને બાળકો અને બચતદારના મરહૂમ પુત્રની વિધવા અથવા વિધવાઓ અને બાળકો:

પરંતુ બચતદાર સાબિત કરે કે તેની પત્નીને કોર્ટના હુકમથી અલગ વસવાટ મળેલ છે

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક:૪૩!પી એફ આર! ૨૪૭૧! ૯૬૨! સી એચ થી દાખલ કરેલ છે.

+ એજનથી કમી કરેલ છે

અથવા તેની પત્નીની કોમના રૂઢિ-કાનૂન મુજબ હવે તેને નિભાવ-ખર્ચ મેળવવાનો અધિકાર રહેતો નથી, તો ત્યારથી આ નિયમોને લગતી બાબતોમાં, તે બચતદારના કુટુંબની સભ્ય ગણાશે નહિ. સિવાય કે તેના કુટુંબની સભ્ય તરીકે ચાલુ રહેતી ગણવી, એમ બચતદાર પાછળથી હિસાબ અધિકારીને સ્પષ્ટ લેખિત સૂચના દ્વારા જણાવે;

(૨) સ્ત્રી બચતદારની બાબતમાં, બચતદારનો પતિ અને બાળકો અને બચતદારના મરહૂમ પુત્રની વિધવા અથવા વિધવાઓ અને બાળકો એમ સમજવું:

પરંતુ બચતદાર સ્ત્રી તેના પતિને તેના કુટુંબમાંથી બાકાત રાખવાની તેની ઇચ્છા હિસાબ અધિકારીને લેખિત સૂચના દ્વારા જણાવે અને પાછળથી @ [લેખિતમાં આવી સૂચના] રદ ન કરે, તો ત્યારથી આ નિયમોને લગતી બાબતોમાં તેનો પતિ, તેના કુટુંબનો સભ્ય ગણાશે નહિ.

@ [નોંધ:-૧- "બાળક" એટલે ઔરસ બાળક અને તેમાં બચતદારના અંગત કાયદા હેઠળ દત્તકવિધાન માન્ય થયું હોય તો, દત્તક લીધેલા બાળકનો સમાવેશ થાય છે.]

@ નોંધ ૨:- કમી કરી.

(ઘ)"ફંડ" એટલે, મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ.

(ચ) "રજા" એટલે, મુંબઈ રાજ્ય સેવા નિયમોથી માન્ય કરવામાં આવેલી કોઈપણ પ્રકારની રજા.

(છ)"વર્ષ" એટલે નાણાકીય વર્ષ.

(૨) જેની વ્યાખ્યા પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ (સન ૧૯૨૫ના ૧૯મા) અથવા મુંબઈ રાજ્ય સેવા નિયમોમાં આપવામાં આવી હોય તેવો, આ નિયમોમાં યોજેલો બીજો કોઈપણ શબ્દપ્રયોગ, તેમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના અર્થમાં યોજવામાં આવ્યો છે, એમ સમજવું.

(૩) આ નિયમોનો કોઈ મજકૂર, આ પૂર્વે અમલમાં રહેતા જનરલ પ્રોવિડન્ટ ફંડનો અંત લાવે છે કે કોઈ નવા ફંડની રચના કરે છે એમ ગણાશે નહિ.

## ફંડની રચના.

૩. (૧) આ ફંડ ભારતમાં રૂપિયાના ચલણમાં રાખવામાં આવશે.

@ [(૨) આ નિયમો હેઠળ ફંડમાં ભરેલી તમામ રકમો, " મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ" એ નામના ખાતામાં સરકારી ચોપડામાં જમા કરવી. આ નિયમો હેઠળ તે આપવાપાત્ર થતી હોય તે પછી, એક વર્ષની અંદર જે રકમોની ચુકવણી લેવામાં આવી ન હોય તે રકમો તે વર્ષના અંતે "અનામત" તરીકે તબદીલ કરવી જોઈશે અને અનામતોને લગતા સાધારણ નિયમો હેઠળ ગણવી જોઈશે.

@ ... ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૩! પી એફ

*(૪) [ ગુજરાત સરકાર જેમની સેવાની શરતો નક્કી કરવાની સત્તા ધરાવતી હોય તેવા (અજમાયશી સેવા સહિત) કાયમી પેન્શનપાત્ર અને બિન-પેન્શનપાત્ર સેવામાંના તમામ સરકારી કર્મચારીઓ ફંડમાં જોડાશે. ગુજરાત સરકાર જેમની સેવાની શરતો નક્કી કરવાની સત્તા ધરાવતી હોય તેવા હંગામી સેવાના સરકારી કર્મચારીઓ પણ એક વર્ષની નોકરી પૂરી કર્યા પછી ફંડમાં ફાળો ભરશે: ]

પરંતુ જેને વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં ફાળો ભરવાનું ફરમાવ્યું હોય અથવા તેમ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવો કોઈપણ કર્મચારી એ ફંડમાં ફાળો ભરવાનો તેનો હક ચાલુ રાખતો હોય તો, આ ફંડમાં જોડાવાને અથવા બચતદાર તરીકે ચાલુ રહેવાને પાત્ર ગણાશે નહિ:

વધુમાં, આ નિયમ હેઠળ સભ્યપદને પાત્ર ન હોય તેવા કોઈપણ સરકારી કર્મચારીને, આ પહેલાં અમલમાં હોય તે નિયમો અથવા હુકમો હેઠળ સભ્ય તરીકે યોગ્ય રીતે દાખલ કરવામાં આવેલ હોય, તો જ્યાં સુધી ગુજરાત સરકાર દ્વારા તેની સેવાની શરતો નક્કી કરવાનું ચાલુ રહેતું હોય ત્યાં સુધી તે સભ્ય તરીકે ચાલુ રહેશે અને તે નિયમોમાં અથવા હુકમોમાં વખતોવખત ઠરાવવામાં આવતી ફાળો ભરવાની જવાબદારી અને ફાળાના દરને લગતી કોઈપણ ખાસ જોગવાઈઓ તેને લાગુ પડશે.

* [નોંધ:-૧- આ નિયમના હેતુ માટે એપ્રેન્ટીસો અને અજમાયશીઓને હંગામી સરકારી કર્મચારીઓ તરીકે ગણવા જોઈશે.

૨. જેમણે સળંગ નોકરીનું એક વર્ષ પૂરું કર્યું હોય તેવા તમામ હંગામી સરકારી કર્મચારીઓ, પાછલા મહિનાથી ફંડમાં ફાળો ભરી શકશે.

૩. જેમની નિયમિત ખાલી જગા પર નિમણૂક કરવામાં આવી હોય અને એક વર્ષથી વધુ (મુદત) માટે ચાલુ રહેવાનો સંભવ હોય, તેવા એપ્રેન્ટીસો અને અજમાયશીઓ સહિત, હંગામી સરકારી કર્મચારીઓ, સળંગ સેવાનું એક વર્ષ પૂરું થયા પહેલાં કોઈપણ સમયે ફંડમાં ફાળો ભરી શકશે.

૪. દરેક ફરજિયાત બચતદારને, ફંડમાં દાખલ કરવામાં આવ્યો છે તે જોવાની, સંબંધિત કચેરીઓના વડાઓની જવાબદારી રહેશે.]

+(૫) કમી કર્યો

+(૬) કમી કર્યો

## નિયુક્તિ

(૭) (૧) ફંડમાં જોડાતી વખતે, બચતદારે ફંડની તેના ખાતે જમા નીકળતી રકમ ચૂકવવાપાત્ર થાય તે પહેલાં અથવા ચૂકવવાપાત્ર થઈ હોય પણ ચૂકવાઈ ન હોય, તે પહેલાં

* નાણાં વિભાગના તારીખ ૧૫ મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન ૪૩ ! પી એફ આર-૨૪૭૧-૯૬૨! સી એચથી દાખલ કરેલ છે.

+ ...જનથી કમી કરેલ છે.

તેનું મૃત્યુ થાય તેવા પ્રસંગે, એ રકમ મેળવવાનો એક કે વધુ વ્યકિતઓને અધિકાર આપતો નિયુકિતપત્ર હિસાબ અધિકરીને, કચેરીના વડા મારફત મોકલવાનો રહેશે:

* [પરંતુ નિયુકિતપત્ર કરવામાં કોઈપણ સમયે બચતદારને કુટુંબ હોય તો, તેના કુટુંબના સભ્યો સિવાયની અન્ય કોઈપણ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં નિયુકિતપત્ર કરવો જોઈશે નહિ:

વધુમાં આ ફંડમાં જોડાતા પહેલાં બચતદાર અન્ય કોઈપણ પ્રોવિડન્ટ ફંડમાં ફાળો ભરતો હોય, તેમજ એવા અન્ય પ્રોવિડન્ટ ફંડમાં, તેના ખાતે જમા રહેલી રકમ, આ ફંડમાં તેના ખાતે ફેરબદલ કરવામાં આવી હોય તો, બચતદારે એ ફંડના સંબંધમાં કરેલી નિયુકિત આ નિયમ અનુસાર તે નિયુકિત કરે નહિ, ત્યાં સુધી આ નિયમ હેઠળ વિધિસર નિયુકત થઈ એમ ગણવામાં આવશે.]

(૨) પેટા નિયમ (૧) હેઠળ બચતદાર એક કરતાં વધુ વ્યકિતઓની નિયુકિત કરે, તો તેણે કોઈપણ સમયે ફંડમાં તેના ખાતે જમા રહેતી આખી રકમને આવરી લેવાય એ રીતે, દરેક નિયુકતને ચૂકવવાની રકમ અથવા હિસ્સો નિયુકિતપત્રમાં સ્પષ્ટતાથી દર્શાવવાનો રહેશે.

(૩) દરેક નિયુકિતપત્ર પહેલી અનુસૂચિમાં આપેલા નમૂના પૈકી સંજોગો અનુસાર યોગ્ય હોય તે નમૂનામાં હોવો જોઈશે.

(૪) બચતદાર, હિસાબ અધિકારીને લેખિત નોટિસ મોકલીને કોઈપણ સમયે નિયુકિત રદ કરી શકશે:

પરંતુ બચતદારે આવી નોટિસ સાથે અથવા અલગરીતે, આ નિયમની જોગવાઈ અનુસાર કરેલો, નવો નિયુકિતપત્ર મોકલવાનો રહેશે.

(૫) બચતદાર નિયુકિતપત્રમાં નીચે પ્રમાણે જોગવાઈ કરી શકશે-

(ક) કોઈ ખાસ નિયુકતની બાબતમાં, બચતદાર પહેલાં તેનું મૃત્યુ થાય તેવા પ્રસંગે, તે નિયુકતને આપવામાં આવેલો હક નિયુકિતપત્રમાં સ્પષ્ટ દર્શાવવામાં આવે એવી બીજી વ્યકિત કે વ્યકિતઓને મળશે, પરંતુ બચતદારના કુટુંબમાં બીજા સભ્યો હોય તો, આવી બીજી વ્યકિત અથવા વ્યકિતઓ કુટુંબના આવા બીજા સભ્ય અથવા સભ્યો તરીકે રહેશે.

(ખ) નિયુકિતપત્રમાં દર્શાવેલી આકસ્મિક ઘટના બનતાં નિયુકિત રદ થશે, પરંતુ નિયુકિત કરતી વખતે બચતદારને કુટુંબ ન હોય, તો તે પછી તે કુટુંબવાળો થાય તેવા પ્રસંગે તે નિયુકિત રદ થાય એવી જોગવાઈ તેણે નિયુકિતપત્રમાં કરવાની રહેશે:

---

* તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૦ ની સરકારી યાદી ક્રમાંક પી એફ આર ૨૪૬૯-૩૯૮૩-સી એચથી દાખલ કરેલ છે.

પરંતુ નિયુકિત કરતી વખતે બચતદારના કુટુંબમાં એક જ સભ્ય હોય તો તે પછી તેના કુટુંબમાં બીજા સભ્ય અથવા સભ્યોનો ઉમેરો થાય તેવા પ્રસંગ, ખંડ (ક) હેઠળ વૈકલ્પિક નિયુકતને આપેલો હક અમાન્ય ઠરે એવી જોગવાઈ તેણે નિયુકિતપત્રમાં કરવાની રહેશે.

+ [ (૫-ક) બચતદાર આ નિયમ હેઠળ એકથી વધુ વ્યકિતઓ નિયુકત કરે તો, તેણે આવી દરેક વ્યકિતઓને આપવાપાત્ર હિસ્સો નિર્દિષ્ટ કરવો, જેથી બચતદારના ખાતામાંની સમગ્ર રકમ આવા નિયુકિતપત્રથી ફાળવી શકાય.]

(૬) પેટા-નિયમ (૫) ના ખંડ (ક) હેઠળ નિયુકિતપત્રમાં, જેના સંબંધમાં ખાસ જોગવાઇ કરી ન હોય તેવા નિયુકતનું મૃત્યુ થાય તે પછી અથવા પેટા-નિયમ (૫) ના ખંડ (ખ) અથવા તેના પરંતુક અનુસાર જેના કારણે નિયુકિત અમાન્ય ઠરે તેવી કોઈ ઘટના બને કે તરત જ બચતદારે હિસાબ અધિકારીને, આ નિયમની જોગવાઈઓ અનુસાર કરેલી નિયુકિત રદ કરતી લેખિત નોટિસ, * [નવી નિયુકિત સાથે] મોકલવાની રહેશે.

(૭) બચતદારે કરેલી દરેક નિયુકિત અને નિયુકિત રદ કરવા માટે આપેલી દરેક નોટિસ તે કાયદેસર હશે તેટલા પ્રમાણમાં, હિસાબ અધિકારીને મળે તે તારીખે અમલમાં આવશે.

## બચતદારોનાં ખાતાં.

@ [૮. દરેક બચતદારના નામે ખાતું ખોલી, તેમાં નીચે પ્રમાણે જણાવવું જોઈશે:-

(૧) પુરાંત;

(૨) બચતદારના ફાળા;

(૩) નિયમ ૧૩ થી જોગવાઇ કર્યા પ્રમાણે ફાળા ઉપરનું વ્યાજ;

(૪) નિયમ ૧૩-કમાં જોગવાઈ કર્યા પ્રમાણે બોનસ;

(૫) ફંડમાંથી પેશગીઓ અને ઉપાડ; અને

(૬) સિલક.]

## ફાળાની શરતો અને દર.

૯. (૧) + [બચતદારે એક મહિનાથી ઓછી ન હોય તેટલી મુદત માટેની અસાધારણ રજા દરમિયાન અથવા ફરજ-મોકૂફી હેઠળ હોય તે મુદત દરમિયાન હોય તે સિવાય, ફંડમાં દર મહિને ફાળો ભરવો જોઈશે:

@ નાણાં વિભાગના તારીખ ૧૩ મી ઓકટોબર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૨૪-પી એફ આર-૧૦૮૨-૬૭૩ ! સીએચથી મૂકેલ છે.

+ નાણાં વિભાગના અનુક્રમે તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૭૧ અને તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૭૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૬/પી એફ આર-૨૪૬૮-૨૭૮૨-સીએચ અને ક્રમાંક જીએન-૨૦૪/પીએફ આર-૨૪૭૨-૨૧૩૯-સીએચથી મૂકેલ છે.

પરંતુ બચતદાર ઈચ્છે તો, જે રજા પગાર, અર્ધા પગાર જેટલો અથવા તેનાથી ઓછો અથવા સરેરાશ અર્ધા પગાર જેટલો હોય તેવા રજા પગારની રજા દરમિયાન ફાળો નહિ ભરવાનું પસંદ કરી શકશે: ]

વધુમાં ફરજ-મોકૂફી હેઠળ વીતેલી મુદત બાદ બચતદારને ફરી નોકરીમાં લેવાતાં તે મુદત માટે છૂટ આપી શકાય તેવી ચડેલ ફાળાની અધિકતમ રકમ કરતાં વધ નહિ તેવી કોઈ રકમ, એક સાથે અથવા હપ્તાથી ભરવાનો તેને વિકલ્પ રહેશે.

* (૨) [બચતદારે પેટા-નિયમ (૧) ના પહેલા પરંતુકમાં ઉલ્લેખ રજા દરમિયાન ફાળો નહિ ભરવાની તેની ઈચ્છા] નીચેની રીતે જણાવવી:-

(ક) તે પોતાનું પગાર-બિલ જાતે આકારતો અધિકારી હોય, તો રજા ઉપર ઉતર્યા પછી આકારેલા તેના પહેલા પગાર-બિલમાં ફાળા અંગે કોઈપણ કપાત નહિ કરીને;

(ખ) તે પોતાનું પગાર-બિલ જાતે આકારતો અધિકારી ન હોય, તો પોતે રજા ઉપર ઉતરે તે પહેલાં પોતાની કચેરીના વડાને લેખિત જાણ કરીને,

યોગ્ય રીતે અને સમયસર જાણ કરવામાં નહિ આવી હોય તો તે ફાળો ભરવા ઈચ્છે છે એમ માની લેવામાં આવશે.

આ પેટા-નિયમ હેઠળ બચતદારે જણાવેલો વિકલ્પ આખરી ગણાશે.

(૩) નિયમ ૨૯ હેઠળ ફંડમાં પોતાના ખાતે જમા કરેલી રકમ જેણે ઉપાડી લીધી હોય તેવા બચતદારે, તે ફરજ પર ફરીથી હાજર ન થાય ત્યાં સુધી આવા નાણાં ઉપાડ પછી ફંડમાં ફાળો ભરવો નહિ.

૧૦ (૧) નીચેની શરતોને અધીન રહીને, બચતદાર પોતે ફાળાની રકમ નકકી કરી શકશે:-

(ક) એ રકમ આખા રૂપિયામાં દર્શાવવી જોઈશે.

@ [ (ખ) નીચલા દરજ્જાની સેવામાંના સરકારી કર્મચારીની બાબતમાં, તેના માસિક પગારના ૮ ટકા કરતાં ઓછી ન હોય તેટલી અને તેના મળતર કરતાં વધુ નહિ તેટલી આખા રૂપિયામાં દર્શાવેલી કોઈપણ રકમ હોઈ શકે.

---

* નાણાં વિભાગના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૬૭૩-પી એફ આર-૨૪૬૮-૧૦૯૧-સી એચ થી મૂકેલ છે.

@ નાણાં વિભાગના તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૬૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૫૪૫-પી એફ. આર-૨૪૬૮-૩૦૩૨-સી એચ થી મૂકેલ છે.

(ગ) ઉપલા દરજ્જાની સેવામાંના સરકારી કર્મચારીની બાબતમાં, નીચેની ઓછામાં ઓછી રકમથી ઓછી ન હોય તેટલી અને તેના મળતર કરતાં વધુ નહિ તેટલી, આખા રૂપિયામાં દર્શાવેલી કોઈપણ રકમ હોઈ શકે:-

| સરકારી કર્મચારીનું પગાર ધોરણ. | ફાળાનો દર |
|---|---|
| જેનો પગાર દર મહિને રૂા. ૨૫૦/- જેટલો હોય. | પગારના ૮ ટકા. |
| જેનો પગાર દર મહિને રૂા. ૨૫૦/-થી વધારે હોય પણ દર મહિને રૂા. ૮૦૦/- જેટલો હોય. | પગારના ૧૦ ટકા. |
| દર મહિને રૂા. ૮૦૦/- થી વધારે પગાર લેતા અધિકારીઓ. | પગારના ૧૨ ટકા.] |

* [ (ઘ) આ નિયમ હેઠળ ફાળાની રકમની ગણતરી કરવામાં, પચાસ પૈસાથી વધારે હોય તેવા રૂપિયાના કોઈપણ ભાગને રૂપિયા તરીકે ગણવો અને આવો ભાગ પચાસ પૈસા અથવા પચાસ પૈસાથી ઓછી રકમ થાય તો, તે માંડી વાળવી.]

(૨) પેટા-નિયમ (૧) ના હેતુ માટે, બચતદારનું મળતર નીચે પ્રમાણે ગણવું:-

(ક) આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ સરકારી નોકરીમાં હોય તેવા બચતદારની બાબતમાં, તે તારીખે તેને મળવાપાત્ર મળતર, પરંતુ તે નીચેની શરતોને અધીન રહેશે:-

(૧) બચતદાર સદરહુ તારીખે રજા પર હોય અને આવી રજા દરમિયાન ફાળો ન ભરવાનું તેણે પસંદ કર્યું હોય અથવા તે તારીખે તે ફરજ-મોકૂફી નીચે હોય, તો ફરજ પર ફરીથી હાજર થયાના પહેલાં દિવસે તે જ મળતર મેળવવાને પાત્ર થાય તે તેનું મળતર ગણાશે;

(૨) બચતદાર ઉકત તારીખે ભારત બહાર ડેપ્યુટેશન પર હોય અથવા રજા પર હોય અને રજા પર ચાલુ હોય તે દરમિયાન તેણે ફાળો ભરવાનું પસંદ કર્યું હોય, તો ભારતમાં તે ફરજ પર હોત તો જ મળતર મેળવવાપાત્ર થયો હોત તે તેનું મળતર ગણાશે;

(૩) બચતદાર + [નિયમ ૪] ના અમલ હેઠળ ઉકત તારીખ પછીની કોઈ તારીખે ફંડમાં પ્રથમવાર જોડાયો હોય તો, આવી પછીની તારીખે તે જ મળતર મેળવવાપાત્ર હોય, તે તેનું મળતર ગણાશે.

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૪૩-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચ થી દાખલ કરેલ છે.

+ એજનથી મૂકેલ છે.

(ખ) + [આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ સરકારી નોકરીમાં ન હોય એવા બચતદારની બાબતમાં, તે ફંડમાં જોડાયો હોય તે તારીખે તે જે મળતર મેળવવાપાત્ર થયો હોય તે તેનું મળતર ગણાશે:]

(૩) બચતદારે પોતાની માસિક ફાળાની નકકી કરેલી રકમ અંગે દર વર્ષે નીચે પ્રમાણે જાણ કરવી:-

(ક) તે આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ ફરજ પર હોય, તો તે માસના પગાર-બિલમાંથી આ અંગે તે જે કપાત કરે તે દ્વારા;

(ખ) તે આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ રજા પર હોય અને તેણે આવી રજા દરમિયાન ફાળો ન ભરવાનું પસંદ કર્યું હોય અથવા તે તારીખે તે ફરજ-મોકૂફી નીચે હોય, તો ફરજ પર તેના ફરી હાજર થયાના પ્રથમ પગાર-બિલમાંથી આ અંગે જે કપાત કરે તે દ્વારા;

(ગ) વર્ષ દરમિયાન તે સરકારી નોકરીમાં પ્રથમવાર દાખલ થયો હોય અથવા નિયમ ૪ હેઠળ અમુક તારીખથી તેને ફંડમાં ફરજિયાત જોડાવું પડયું હોય અથવા તે ફંડમાં પ્રથમવાર જોડાતો હોય, તો તે જે મહિનામાં ફંડમાં જોડાય તે પછીના મહિના માટેના પગાર-બિલમાંથી આ અંગે તે જે કપાત કરે તે દ્વારા;

(ઘ) આગલા વર્ષની ૩૧મી માર્ચે તે રજા પર હોય અને રજા પર ચાલુ રહે અને તે દરમિયાન ફાળો ભરવાનું તેણે પસંદ કર્યું હોય તો તે મહિનાના તેના પગાર-બિલમાંથી તે આ અંગે જે કપાત કરાવે તે દ્વારા;

(ચ) આગલા વર્ષની ૩૧મી માર્ચે તે રાજ્યેતર સેવા પર હોય તો ચાલુ વર્ષના એપ્રિલ મહિના માટેના ફાળા તરીકે તિજોરીમાં તેણે જમા કરાવેલી રકમ દ્વારા.

@ [(૪) આ રીતે નકકી કરેલી ફાળાની રકમ-

(ક) વર્ષ દરમિયાન કોઈપણ સમયે એક વખત ઘટાડી શકાશે,

(ખ) વર્ષ દરમિયાન બે વખત વધારી શકાશે, અથવા

(ગ) ઉપર્યુકત પ્રમાણે ઘટાડી અને વધારી શકાશે:

---

+ નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૪૩-૧

પરંતુ બચતદાર મહિનાના અમુક ભાગ માટે ફરજ પર હોય અને તે મહિનાના બાકીના ભાગ માટે રજા પર હોય અને તેણે રજા દરમિયાન ફાળો ન ભરવાનું પસંદ કર્યું હોય, તો તેણે આપવાના ફાળાની રકમ મહિનામાં તે ફરજ પર હોય તેટલા દિવસોની સંખ્યાના પ્રમાણમાં રહેશે.]

૧૧. બચતદારની રાજ્યતર સેવામાં બદલી કરવામાં આવે અથવા તેને ભારત બહાર ડેપ્યુટેશન પર મોકલવામાં આવે, તો તેની તેમ બદલી કરવામાં આવી ન હોય અથવા તેને ડેપ્યુટેશન પર મોકલવામાં આવ્યો ન હોય એ રીતે જ તે ફંડના નિયમોને અધીન રહેશે.

## ફાળાની વસૂલાત.

૧૨. * [ (૧) ભારતમાંની સરકારી તિજોરીમાંથી મળતર આકારવામાં આવે ત્યારે, આ મળતર અંગેના ફાળાની અને પેશગીની વસૂલાત, તે મળતરમાંથી જ કરવી.]

(૨) મળતર બીજા કોઈ પ્રાપ્તિસ્થાનેથી આકારવામાં આવતું હોય ત્યારે, બચતદારે પોતે ભરવાની થતી રકમ દર મહિને હિસાબ અધિકારીને મોકલવી:

પરંતુ સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળમાં ડેપ્યુટેશન પર હોય એવા બચતદારની બાબતમાં આવા સંસ્થાપિત મંડળે ફાળો વસૂલ કરી, હિસાબ અધિકારીને મોકલવાનો રહેશે.

(૩) સરકારી કર્મચારી * [નિયમ ૪ હેઠળ ફંડમાં જે તારીખે તેણે જોડાવાનું હોય તે તારીખથી ફાળો ભરે નહિ અથવા નિયમ ૯માં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાય અન્યથા વર્ષ દરમિયાન કોઈપણ મહિનામાં ચૂક કરે તો] ફાળાની બાકી રકમ પેટે ફંડમાં ભરવાની કુલ રકમ બચતદારે ફંડમાં તરત જ ભરી દેવી પડશે અથવા તે રકમ ભરવામાં ચૂક કરશે તો, નિયમ ૧૪ના પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) અનુસાર જ મંજૂર કરવા માટે ખાસ કારણો જોઈએ તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી દર્શાવે તે રીતે તેના મળતરમાંથી હપ્તા દ્વારા અથવા બીજી કોઈ રીતે કપાત કરીને તે વસૂલ કરવાનો હિસાબ અધિકારી હુકમ આપશે.

## વ્યાજ

૧૩. (૧) નીચેના પેટા-નિયમ (૫) ની જોગવાઈઓને અધીન રહીને, સરકાર, ગુજરાત સરકારે વખતોવખત નકકી કરેલી ગણતરીની પદ્ધતિ અનુસાર, દર વર્ષ માટે નકકી થાય તે દરે બચતદારના ખાતે વ્યાજ જમા કરશે:

પરંતુ વર્ષ માટે નકકી કરેલું વ્યાજ ૪ ટકા કરતાં ઓછું હોય, તો પ્રથમવાર જે વર્ષે વ્યાજનો દર ૪ ટકા કરતાં ઓછો નકકી કરવામાં આવ્યો હોય તેના આગલા વર્ષના બચતદારોને ૪ ટકા લેખે વ્યાજ અપાશે:

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૪૩/પીએફ

વધુમાં, જે પહેલાં બીજી સરકારના બીજા કોઈ પ્રોવિડન્ટ ફંડમાં ફાળો ભરતો હોય અને જેના ફાળા તે પરના વ્યાજ સહિત, નિયમ ૩૨ હેઠળ આ ફંડમાં તેના ખાતે તબદીલ કરી જમા કરવામાં આવ્યા હોય તેવા બચતદારને પણ, તે આ નિયમના પરંતુકના જેવી જ જોગવાઈ હેઠળ આવા બીજા પ્રોવિડન્ટ ફંડના નિયમો હેઠળ આ દરે વ્યાજ મેળવતો હોય, તો, ૪ ટકાના દરે વ્યાજ અપાશે.

(૨) વ્યાજ દર વર્ષના છેલ્લા દિવસથી નીચેની રીતે જમા કરવામાં આવશે:-

(૧) આગલા વર્ષના છેલ્લા દિવસે બચતદારના ખાતામાં જમા હોય તે રકમમાંથી ચાલુ વર્ષ દરમિયાન ઉપાડેલી રકમો બાદ કરી બાકીની રકમ પર બાર મહિનાનું વ્યાજ;

(૨) ચાલુ વર્ષ દરમિયાન ઉપાડેલી રકમો પર ચાલુ વર્ષની શરૂઆતથી ઉપાડના મહિના પહેલાંના મહિનાના છેલ્લા દિવસ સુધીનું વ્યાજ;

(૩) આગલા વર્ષના છેલ્લા દિવસથી બચતદારના ખાતે જમા થયેલી બધી રકમો પર-રકમ જમા કર્યાની તારીખથી ચાલુ વર્ષના અંત સુધીનું વ્યાજ;

(૪) વ્યાજની કુલ રકમ નજીકના આખા રૂપિયામાં દર્શાવવામાં આવશે (પચાસ પૈસાને તે પછીના આખા રૂપિયા તરીકે ગણવામાં આવશે) :

પરંતુ બચતદારના ખાતે જમા નીકળતી રકમ ચૂકવવાપાત્ર થાય ત્યારે આ પેટા-નિયમ હેઠળ તે ઉપર ચાલુ વર્ષની શરૂઆતથી અથવા જમા-તારીખથી બચતદારના ખાતે જમા નીકળતી રકમ જે તારીખે ચૂકવવાપાત્ર થાય તે તારીખ સુધીની મુદતનું જ વ્યાજ અપાશે.

(૩) આ નિયમમાં, મળતરમાંથી કરવાની વસૂલાત બાબતમાં જે મહિનામાં ફાળો વસૂલ કરવામાં આવે તેનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે અને બચતદારે મોકલેલી રકમની બાબતમાં, તે રકમ જે મહિનાની પાંચમી તારીખ પહેલાં હિસાબ અધિકારીને મળે તે મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે, પણ જો તે રકમ અમુક મહિનાની પાંચમી તારીખે કે તે પછી મળી હોય, તો તે પછીના મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ ગણાશે:

પરંતુ બચતદારનો પગાર અથવા રજાનો પગાર અને ભથ્થાં આકારવામાં અને તેને પરિણામે ફંડમાં તેનો ફાળો વસૂલ કરવામાં વિલંબ થયો હોય તો, આવા ફાળા ઉપરનું વ્યાજ, બચતદારનો પગાર અથવા રજાનો પગાર ખરેખર કયા મહિનામાં આકારવામાં આવ્યો હતો તે બાબતને લક્ષમાં લીધા વિના, નિયમો હેઠળ જે મહિનામાં તે લેણો થયો હોય તે મહિનાથી ચૂકવવાપાત્ર થશે:

વધુમાં નિયમ ૧૨ના પેટા-નિયમ (૨) ના પરંતુક અનુસાર મોકલવામાં આવેલી રકમની બાબતમાં, તે રકમ હિસાબ અધિકારીને અમુક મહિનાની પંદરમી તારીખ પહેલાં મળી હોય, તો તે મહિનાનો પહેલો દિવસ જમા-તારીખ તરીકે ગણવામાં આવશે:

વધુમાં મહિના માટેનું મળતર તે જ મહિનાના છેલ્લા કામકાજના દિવસે આકારવામાં અને ચૂકવવામાં આવતું હોય ત્યાં તેનો ફાળાની વસૂલાતની બાબતમાં, તે પછીના મહિનાના પહેલાં દિવસને જમા-તારીખ તરીકે ગણવામાં આવશે.

(૪) (ક) નિયમો ૨૮, ૨૯ અથવા ૩૦ હેઠળ ચૂકવવાની કોઈ રકમ ઉપરાંત જે મહિનામાં ચુકવણી કરવામાં આવી હોય તે મહિનાની પહેલાંના મહિનાના અંત સુધીનું અથવા આવી રકમ જે મહિનામાં ચૂકવવાપાત્ર થાય તે મહિના પછીના * [બારમા] મહિનાના અંત સુધીનું આ બેમાંથી ઓછી હોય તે મુદત સુધીનું તે ઉપરનું વ્યાજ, આવી રકમ જેને ચૂકવવાની હોય તે વ્યક્તિને ચૂકવવા જોગ થશે:

પરંતુ પોતે ચૂકવણી કરવા માગતા હોય તે તારીખ તરીકે જે તારીખ હિસાબ અધિકારીએ તે વ્યક્તિ (અથવા તેના એજન્ટ) ને જણાવી હોય અથવા ચુકવણી અર્થે તે વ્યક્તિને ટપાલ દ્વારા ચેક મોકલ્યો હોય, તો આ રીતે જણાવેલી તારીખના અથવા ટપાલમાં ચેક મોકલ્યાની તારીખના આગલા મહિનાના અંત સુધીનું જ વ્યાજ આપી શકાશે.

(ખ) હંગામી જગા ધરાવતો બચતદાર તેની નિમણૂકનો અંત આવ્યે, તેના ખાતે જમા થયેલી રકમ નિયમ ૨૮ થી મળતી છૂટનો લાભ લઈ ફંડમાં રાખવાનું પસંદ કરે તો તે રકમ પર નોકરી પૂરી થયા પછી વધુમાં વધુ છ મહિનાના ગાળાનું વ્યાજ આપવામાં આવશે. સરકાર હેઠળ તેની ફેર નિમણૂક થાય તો ઉપાડી નહિ લીધેલી જમા રકમ પર, જે તારીખે ફાળો ફરીથી શરૂ થાય તે તારીખથી ફરીથી વ્યાજ ચઢતું થશે.

(૫) બચતદાર હિસાબ અધિકારીને જણાવે કે પોતે વ્યાજ લેવા માગતો નથી, તો તેના ખાતે વ્યાજ જમા કરાશે નહિ, પણ પાછળથી તે વ્યાજની માગણી કરે, તો તે માગણી કરે તે વર્ષના પહેલા દિવસથી તે જમા થશે.

(૬) @ [કમી કરેલા] નિયમ ૨૮ અથવા નિયમ ૨૯ હેઠળ, ફંડમાં બચતદારના ખાતે જે રકમ પાછી મૂકવામાં આવી હોય તેના પરનું વ્યાજ, આ નિયમના પેટા-નિયમ (૧) હેઠળ ઉત્તરોત્તર નક્કી કરવામાં આવે તે દરે અને શક્ય હોય ત્યાં સુધી આ નિયમમાં દર્શાવેલી રીતે ગણવામાં આવશે.

+ (૭) બચતદારે ફંડમાંથી ઉપાડની તારીખે તેના ખાતે જમા નીકળતી રકમ કરતાં વધારે રકમ ઉપાડી હોવાનું જણાય તે પ્રસંગે, ફંડમાંથી પેશગી અથવા ઉપાડ અથવા આખરી ચુકવણી દરમિયાન વધારે રકમ ઉપાડવાનો પ્રસંગ બન્યો હોય તો પણ વધારે ઉપાડેલી રકમ પેટા-નિયમ (૧) હેઠળ નક્કી કરેલા દરે તે ઉપરના વ્યાજ સહિત તેણે પાછી ભરપાઈ કરવી પડશે. વધારે ઉપાડેલી રકમ ઉપર મેળવેલું વ્યાજ આવક "૦-૪૯. વ્યાજ-સી- અન્ય વ્યાજ આવક-અન્ય આવક" એ સદર હેઠળ સરકારના ખાતે જમા કરવામાં આવશે.

---

* નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૭૧ના સરકારી જાહેરનામાં ક્રમાંક ૭૦૪/ પીએફઆર-૨૪૬૫-૧૯૦૩-સી એચથી મૂકેલ છે.

@ નાણાં વિભાગના, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન ૪૩-પીએફઆર-૨૪૭૧-૯૬૨-સીએચથી કમી કરેલ છે.

+ નાણાં વિભાગના તારીખ ૧૬મી માર્ચ, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૩૩! પીએફઆર-૧૦૮૧-૧૦૦-સીએચથી દાખલ કરેલ છે.

## પ્રોત્સાહન બોનસ યોજના

* (૧૩-ક) [ (૧) જે બચતદાર નિયમ ૧૪ હેઠળ પેશગી તરીકે અથવા અગાઉના ત્રણ વર્ષ દરમિયાન નિયમ ૧૫-ક હેઠળ ઉપાડ તરીકે ફંડમાં તેના ખાતે જમા રકમમાંથી નાણાંની કોઈ રકમનો ઉપાડ કરે નહિ તે બચતદાર તે નાણાકીય વર્ષના છેલ્લા દિવસે તેના ખાતે સમગ્ર સિલક-ઉપર એક ટકાના દરે બોનસ માટે હકદાર રહેશે.

(૨) આવી રીતે ગણતરી કરેલું બોનસ બચતદારના ખાતે જમા કરવામાં આવશે અને તે નિયમ ૧૩ હેઠળ આપેલા વ્યાજ ઉપરાંતનું રહેશે.

(૩) વીમાની પોલિસીઓનાં નાણાં ભરવા માટે કરેલો ઉપાડ, આ નિયમ હેઠળના લાભ માટે બચતદારને અપાત્ર બનાવશે નહિ.

(૪) એવી રીતે ગણતરી કરેલું બોનસ, નજીકના આખા રૂપિયામાં ગણવામાં આવશે (પચાસ પૈસાથી વધારે રકમને, તે પછીના આખા રૂપિયામાં ગણવી).

નોંધ ૧.- બોનસ નાણાકીય વર્ષના છેલ્લા દિવસે તે વર્ષનું વ્યાજ જમા કર્યા પછી, હોય તે સિલક પર ગણવામાં આવશે.

નોંધ ૨.- આ નિયમ હેઠળનું બોનસ, સમગ્ર વર્ષ દરમિયાન બચતદારે ફંડમાં નિયમિત રીતે ફાળો ભર્યો હોય ત્યારે જ મળવાપાત્ર થશે સિવાય કે નિયમથી ટૂંકી મુદત માટે ફાળો ભરવાનું મોકૂફ રાખવાની હંગામી રીતે છૂટ આપી હોય, દા.ત. રજા દરમિયાન અથવા મોકૂફી હેઠળ હોય તો, બચતદારની નોકરીના પહેલા અને છેલ્લા વર્ષના હેતુ માટે, યથાપ્રસંગ, નિમણૂકની તારીખથી વર્ષના અંત સુધીની મુદત અથવા વર્ષના આરંભની તારીખથી, નોકરી છોડયાની તારીખ સુધીની મુદત, આખા વર્ષ તરીકે ગણાશે.

નોંધ ૩.- પ્રોવિડન્ટ ફંડ હિસાબમાંથી, નિયમ ૧૪-ક હેઠળ પેશગી ઉપાડવાનું પણ, બોનસ પ્રાપ્ત કરવાના હેતુ માટેના ઉપાડ તરીકે ગણવામાં આવશે.]

### ફંડમાંથી પેશગી.

(૧૪) (૧) પાંચમી અનુસૂચિમાં દર્શાવેલા યોગ્ય સત્તાધિકારીની વિવેક બુદ્ધિ અનુસાર બચતદારને, ફંડમાં તેના ખાતે જમા રકમમાંથી, નીચેની શરતોએ હંગામી ધોરણે પેશગી આપી શકાશે:-

(ક) અરજદારના આર્થિક સંજોગો આવી પેશગીને વ્યાજબી ઠરાવે છે અને તે બીજી કોઈ રીતે નહિં પણ નીચેના હેતુ અથવા હેતુઓ માટે જ વાપરવામાં આવશે. એવી મંજૂરી આપતા સત્તાધિકારીને ખાતરી નહિ થાય તો પેશગી મંજૂર કરાશે નહિ.

(૧) અરજદારની ** [અથવા તેના કુટુંબના કોઈ સભ્યની] અથવા તેની ખરેખર આશ્રિત કોઈ વ્યક્તિની લાંબી અથવા ગંભીર માંદગી અથવા પથારી વશતાને લગતા પ્રવાસ ખર્ચ સહિત ખર્ચ ચૂકવવા માટે;

---

* નાણાં વિભાગના તારીખ ૧૮મી ઑકટોબર, ૧૯૮૨ના સરકારી જાહેરનામાં ક્રમાંક: જીએન-૧૨૪-પી એફ આર-૧૦૮૨-૬૭૩-સી એચથી દાખલ કરેલ છે.

** નાણાં વિભાગના તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૨૨૫-! ... દાખલ કરેલ છે

(૨) આરોગ્ય અથવા શિક્ષણ અર્થે અરજદારની ** [ અથવા તેના કુટુંબના કોઇ સભ્યની] અથવા તેની ખરેખર આશ્રિત કોઈ વ્યકિતની દરિયાપારની મુસાફરીનું ખર્ચ ચૂકવવા માટે;

(૨-ક) અરજદારના ** [અથવા તેના કુટુંબના કોઈ સભ્યની] અથવા તેની ખરેખર આશ્રિત કોઈ વ્યકિતના નીચે મુજબના શિક્ષણ ખર્ચને પહોંચી વળવા માટે-

(ક) ભારત બહાર શૈક્ષણિક, ટેકનિકલ, ધંધાદારી અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમના, અથવા

(ખ) ભારતમાં હાઈસ્કૂલ પછીની કક્ષાના કૉલેજના અભ્યાસક્રમના અથવા તબીબી, ઈજનેરી અથવા બીજા ટેકનિકલ કે ** [ છઠ્ઠી અનુસૂચિમાં નિર્દિષ્ટ] તદ્દવિદ અભ્યાસક્રમના, પરંતુ આવો અભ્યાસક્રમ ત્રણ વર્ષથી ઓછી મુદતનો હોવો જોઇએ નહિ.

(૩) લગ્ન, મરણોત્તર ક્રિયા અથવા બીજી વિધિઓ અંગે રૂઢિગત રિવાજો અનુસાર, બચતદારને તેના મોભાને અનુરૂપ ધોરણે કરવાં પડતાં ફરજિયાત ખર્ચ ચૂકવવા માટે;

નોંધ:- બચતદારનાં પોતાનાં લગ્ન અને બીજી વિધિઓ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે પણ પેટા-ખંડ (૩) હેઠળ પેશગીઓ આપી શકાય છે.

(૪) પોતાની સરકારી ફરજ બજાવતાં પોતે કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય અંગે પોતાની સામે કરવામાં આવેલા કોઈપણ આક્ષેપોની બાબતમાં પોતાની સ્થિતિ વ્યાજબી ઠરાવવા બચતદારે કરેલી કાનૂની કાર્યવાહીના ખર્ચને પહોંચી વળવા, આ કેસમાં મળતી પેશગી, એજ હેતુ માટે બીજા કોઈ સરકારી સાધનમાંથી મળી શકતી પેશગી ઉપરાંત મળે;

પરંતુ બચતદાર તેની સરકારી ફરજ સાથે સંબંધ ન ધરાવતી કોઈ બાબત અંગે અથવા નોકરીની કોઈ શરત અથવા તેને કરવામાં આવેલી કોઈ શિક્ષા અંગે સરકાર વિરુધ્ધ કોઈ કોર્ટમાં કાનૂની કાર્યવાહી દાખલ કરે, તો તેને આ પેટા-ખંડ હેઠળ પેશગી મળી શકશે નહિ.

(૫)સરકારી ફરજ સંબંધમાં બચતદારની કોઈ કહેવાતી ગેરવર્તણૂક અંગે કોઈ કોર્ટમાં સરકારે બચતદાર પર ફરિયાદ માંડી હોય તેવા પ્રસંગે અથવા તપાસ દરમિયાન પોતાના બચાવ માટે બચતદારે વકીલ રોકયો હોય તેવા પ્રસંગે તેના બચાવના ખર્ચને પહોંચી વળવા માટે.

---

@ [ (૬) હજયાત્રાના ખર્ચને પહોંચી વળવા માટે].

(ખ) મંજૂર કરનાર સત્તાધિકારીએ, પેશગી આપવા માટેનાં પોતાનાં કારણોની લિખિત નોંધ રાખવી.

** નાણાં વિભાગના તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૨૨૫-! પીએફઆર-૨૪૭૦-૫૦૧-સીએચથી દાખલ કરેલ છે.

@ નાણાં વિભાગના તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૭! પી એફઆર-૧૯૭૫-૩૦૦૬! સી એચથી દાખલ કરેલ છે.

(ગ) ખાસ કારણોસર હોય તે સિવાય પેશગી --

(૧) ત્રણ મહિનાનો પગાર, અથવા ફંડમાં બચતદારના ખાતે જમા રહેતી સિલકની અડધી રકમ, એ બેમાંથી ઓછી હોય તે રકમ કરતાં વધવી જોઈશે નહિ, અથવા

(૨) અગાઉની બધી પેશગીઓની તે પરના વ્યાજ સહિત આખરી ચુકવણી થઇ જાય તે પછી ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી અપાશે નહિ, સિવાયકે અગાઉ અપાઇ ચૂકેલી રકમ ખંડ (ગ) (૧) હેઠળ મળવાપાત્ર રકમના બે તૃતીયાંશ ભાગથી વધતી ન હોય.

** નોંધ કમી કરી

પરંતુ પેશગી માટેનું કારણ ખાનગી રાખવા જેવું હોય, તો તે હિસાબ અધિકારીને રૂબરૂ અને ખાનગી રીતે જણાવવું:

* [વધુમાં ખંડ (ક) ની શિક્ષણને લગતી બાબતો (૨) અથવા (૨-ક) હેઠળની પેશગી, દરેક શૈક્ષણિક સત્ર અથવા અર્ધસત્રમાં એકવાર આપી શકાશે.]

(ઘ) ખંડ (ગ) માં ગમે તે મજકૂર હોય તે છતાં, ખંડ (ક) ના પેટા-ખંડ (૪) અથવા (૫) માં દર્શાવેલા હેતુઓ માટે મંજૂર કરવાની પેશગી, ત્રણ મહિનાના પગાર અથવા રૂા. ૫૦૦!- એ બેમાંથી જે વધારે હોય તે કરતાં વધવી જોઈશે નહિ અને ફંડમાં બચતદારને ખાતે જમા રહેલી સિલકની અડધી રકમ કરતાં તો તે કોઈપણ સંજોગોમાં વધવી જોઈશે નહિ.

(૨) પેશગીની રકમ નક્કી કરતી વખતે મંજૂર કરતા સત્તાધિકારીએ, ફંડમાં બચતદારના ખાતે જમા રકમને યોગ્ય રીતે લક્ષમાં લેવી.

+ [ (૩) અગાઉની કોઈપણ પેશગીનો છેલ્લો હપ્તો, પૂરેપૂરી ભરપાઈ કરવામાં આવે તે પહેલાં, પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) હેઠળ. પેશગી મંજૂર કરવામાં આવે ત્યારે કોઈપણ અગાઉની પેશગીની વસૂલ ન કરેલી સિલક, આવી રીતે મંજૂર કરેલ પેશગીમાં ઉમેરવી જોઈશે અને વસૂલાત માટેના હપ્તા, બાકી રહેલી પેશગીની એકત્રિત રકમના સંદર્ભમાં ફરીથી નક્કી કરવા જોઈશે].

** નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાક જીએન-૪૩-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચથી કમી કરેલ છે

* નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૭૬ ના સરકારી જાહેરનામા ક્રમાક: જીએન-૪૬-પી એફ આર-૧૦૭૪-૨૦૩-સીએચથી દાખલ કરેલ છે.

+ નાણાં વિભાગના તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૨૪-પીએફઆર-૧૦૮૨-૬૭૩-સી એચથી દાખલ કરેલ છે.

+ [ (૧૪-ક) (ક) આ નિયમોમાં ગમે તે કોઈપણ મજકૂર હોય તે છતાં, બચતદારને ખાદ્ય તેલ, ખાંડ વગેરે જેવી વપરાશની વસ્તુઓ ખરીદવા માટે ફંડમાં તેના ખાતે જમા હોય તેવી રકમમાંથી કામ ચલાઉ પેશગી મંજૂર કરી શકાશે. પરંતુ આવી પેશગી, (૧) ચોથા વર્ગના કર્મચારીઓ સિવાયના અન્ય સરકારી કર્મચારીના સંબંધમાં, એક મહિનાના મૂળ પગાર અથવા રૂા. ૪૫૦/-એ બેમાંથી જે ઓછું હોય તેના કરતાં વધવી જોઈશે નહિ, અને (૨) ચોથા વર્ગના સરકારી કર્મચારીની બાબતમાં રૂા. ૪૮૦/- કરતાં વધવી જોઈશે નહિ, (૩) આ પેશગી પણ આવી પેશગી માટે અરજી કરવામાં આવે ત્યારે, તે સમયે બચતદારના ફંડ ખાતેની સિલકના ૫૦ ટકા પૂરતી મર્યાદિત રહેશે.

(ખ) ફંડમાંની આ પેશગી, વ્યાજ મુકત રહેશે અને દસ માસિક હપ્તાઓમાં ભરપાઇ કરવાની રહેશે. પરંતુ ૪થા વર્ગના સરકારી કર્મચારીના સંબંધમાં તે બાર માસિક હપ્તાઓમાં ભરપાઈ કરવાની રહેશે.]

(૧૫) (૧) મંજૂર કરતા સત્તાધિકારી, ફરમાવે તેવા સરખા માસિક હપ્તાઓથી બચતદાર પાસેથી પેશગી વસૂલ કરવામાં આવશે પણ બચતદાર તેમ ઈચ્છે તે સિવાય આવા હપ્તાની સંખ્યા બાર કરતાં ઓછી હોવી ન જોઈએ, તેમ તે ચોવીસ કરતાં વધારે હોવી ન જોઈએ-પેશગી ની રકમ, નિયમ ૧૪ના પેટા-નિયમ (૧)ના ખંડ (ગ) હેઠળ બચતદારના ત્રણ મહિનાના પગાર કરતાં વધારે હોય તેવા ખાસ કિસ્સામાં મંજૂર કરતા સત્તાધિકારી આવા હપ્તાની સંખ્યા ચોવીસ કરતાં વધારે, પરંતુ કોઈપણ સંજોગોમાં છત્રીસ કરતાં વધારે ન હોય એ રીતે નકકી કરી શકશે. બચતદાર તેની ઈચ્છા અનુસાર એક મહિનામાં એક કરતાં વધારે હપ્તાની ભરપાઈ કરી શકશે. દરેક હપ્તો આખા રૂપિયાની સંખ્યામાં હશે અને આવા હપ્તા નકકી કરવા માટે જરૂરી બને તો પેશગીની રકમ વધારી કે ઘટાડી શકાશે.

(૨) વસૂલાત, ફાળાની વસૂલાત અંગે નિયમ ૧૨માં દર્શાવેલી રીતે કરવામાં આવશે અને જે મહિનામાં પેશગી લીધી હોય તે મહિના પછીના મહિનાના પગારની ચુકવણીથી વસૂલાત શરૂ કરવામાં આવશે. બચતદાર રજા * [યથાપ્રસંગ, જેણે કોઈપણ રજાનો પગાર લીધો ન હોય અથવા અડધા પગાર જેટલો અથવા તેથી ઓછી રજાનો પગાર લીધો હોય અથવા અડધા સરેરાશ પગારે રજા] પર હોય અથવા નિર્વાહ ગ્રાન્ટ મેળવતો હોય ત્યારે તેની સંમતિથી હોય તે સિવાય વસૂલાત કરી શકાશે નહિ અને બચતદારને આપવામાં આવેલી પગારની પેશગીની વસૂલાત દરમિયાન તેની લેખિત વિનંતિ મળ્યે મંજૂર કરતા સત્તાધિકારી વસૂલાતને મુલત્વી રાખી શકશે.

---

+ નાણાં વિભાગના તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૨૪ પીએફઆર-૧૦૮૨-૬૭૩-સી એચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૬૭૩-પીએફ આર-૨૪૬૮-૧૦૯૧-સી એચથી દાખલ કરેલ છે.

૩. @ કમી કર્યો.

૪.@ કમી કર્યો.

(૫) બચતદારને પેશગી મંજૂર કરવામાં આવતાં તણે તે રકમ ઉપાડી લીધી હોય અને પાછળથી તેની ભરપાઈ પૂરી થાય તે પહેલાં તે નામંજૂર કરવામાં આવે તો ઉપાડેલી આખી અથવા તે પૈકી બાકી રહેતી રકમ, [ @ *** બચતદારે તરત જ ફંડમાં ભરપાઈ કરી દેવી પડશે અથવા તેમાં કસૂર થતાં, જે મંજૂર કરવા માટે નિયમ ૧૪ના પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) હેઠળ ખાસ કારણો જરૂરી હોય તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ફરમાવે તે પ્રમાણે હિસાબ અધિકારી. બચતદારના મળતરમાંથી એકસામટી કપાત દ્વારા અથવા બારથી વધે નહિ તેવા માસિક હપ્તાઓથી તે વસૂલ કરવાનો હુકમ આપશે :

@ પરંતુક કમી કર્યો.

(૬) આ નિયમ હેઠળ કરવામાં આવતી વસૂલાતો, તે થતી જાય તેમ ફંડમાં બચતદારના ખાતે જમા કરવામાં આવશે.

## ફંડમાંથી આખરી ઉપાડ.

૧૫-ક (૧) નિયમ ૧૪ના પેટા-નિયમ (૧) નાખંડ (ગ) હેઠળ ખાસ કારણોસર પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારીઓ આ નિયમો અને નિયમ ૧૫-ખ અને ૧૫-ગ માં દર્શાવેલી શરતોને અધીન રહીને આખરી ઉપાડ મંજૂર કરી શકશે.

@ [કમી કરેલ છે].

(૨) બચતદારની (નોકરીના તૂટક ગાળા હોય તો તે સહિત) નોકરીનાં ** [પંદર] વર્ષ પૂરાં થયા પછી અથવા તેની વય-નિવૃત્તિની તારીખ પહેલાંના દશ વર્ષની અંદર-એ બેમાંથી જે વહેલું હોય તે વખતે ફંડમાં તેના ખાતે જમા રકમમાંથી નીચેના એક કે વધુ હેતુઓ માટે આખરી ઉપાડ કરી શકાશે, જેમકે:-

(ક) નીચેના કેસોમાં, બચતદારના ખરેખર આશ્રિત કોઈપણ બાળકના જરૂરી હોય ત્યાં પ્રવાસ ખર્ચ સહિત ઉચ્ચ શિક્ષણ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે જેમકે--

(૧) ભારત બહાર, હાઈસ્કુલ પછીની કક્ષાના શૈક્ષણિક, ટેકનિકલ, ધંધાદારી અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમ અંગેના શિક્ષણ માટે, અને

---

@ નાણાં વિભાગના તારીખ ૧૫ મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૩/પીએફ આર-૨૪૭૧/૯૬૨/સીએચથી કમી કરેલ છે.

**નાણાં વિભાગના તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૨૩૬-પી એફ આર/ ૨૪૭૧/-૨૩૮૨-૩૩(૭૪) સી એચથી મૂકેલ છે.

(૨) ભારતમાં હાઈસ્કુલ પછીની કક્ષાના કોઈપણ તબીબી, ઈજનેરી અથવા બીજા ટેકનિકલ અથવા +[ છઠ્ઠી અનુસૂચિમાં [નિર્દિષ્ટ] તદવિદ અભ્યાસક્રમ માટે-

પરંતુ આવો અભ્યાસક્રમ ત્રણ વર્ષથી ઓછી મુદતનો હોવો જોઈએ નહિ:

£ [ (ખ) બચતદારના પુત્રો અથવા પુત્રીઓ અને તેની ખરેખર આશ્રિત સગી હોય તેવી અન્ય કોઈપણ સ્ત્રીના વિવાહ/ લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે];

(ગ) બચતદારની @ [અથવા તેના કુટુંબના કોઈપણ સભ્યની] અથવા તેની ખરેખર આશ્રિત હોય એવી બીજી કોઈપણ વ્યકિતની માંદગી અંગેના જરૂરી હોય ત્યાં પ્રવાસ ખર્ચ સહિતના ખર્ચને પહોંચી વળવા માટે,

(ઘ) જમીનની કિંમત સહિત રહેઠાણ માટેનું યોગ્ય મકાન બાંધવા કે પ્રાપ્ત કરવા માટે અથવા ઉપાડ માટેની અરજી મળ્યાની તારીખ પહેલાં પરંતુ તે તારીખથી બાર મહિના અગાઉ નહિ એ રીતે ખાસ આ હેતુ માટે લીધેલી લોન પેટે બાકી નીકળતી કોઈ રકમ ભરપાઈ કરવા માટે અથવા બચતદારની માલિકીના બની ચૂકેલા કે તેણે પ્રાપ્ત કરી લીધેલા મકાનનું ફરીથી બાંધકામ કરવા કે તેમાં સુધારા-વધારા કરવા માટે,

(ચ) મકાન માટે જમીન ખરીદવા માટે અથવા ઉપાડ માટે અરજી મળયાની તારીખ પહેલાં, પરંતુ તે તારીખથી બાર મહિના અગાઉ નહિ એ રીતે ખાસ આ હેતુ માટે લીધેલી લોન પેટે બાકી નીકળતી કોઈ રકમ ભરપાઈ કરવા માટે,

(છ) ખંડ (ચ) હેઠળ ઉપાડેલી રકમથી ખરીદેલી જગા પર મકાન બાંધવા માટે,

*[ (જ) ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અથવા સહકારી ગૃહનિર્માણ મંડળી દ્વારા ભાડા ખરીદી ધોરણે અથવા અન્યથા, રહેવાનું મકાન અથવા ફલેટ લેવા માટે:

પરંતુ ખંડ (જ) માં નિર્દિષ્ટ હેતુ માટે ઉપાડેલી રકમ, નિયમ ૧૫-ખ ને અધીન રહીને, કોઈપણ કેસમાં, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અથવા સહકારી ગૃહનિર્માણ મંડળીને આપવાપાત્ર પ્રારંભિક હપ્તાની ખરેખર રકમથી વધવી જોઈએ નહિ અને ઉપાડેલી પૂરેપૂરી રકમની કરેલી આવી ચુકવણીના સંબંધમાં કાયદેસરની પહોંચ, રકમ ઉપાડયાની મહિનાની અંદર રજૂ કરવી જોઈશે.]

+ નાણાં વિભાગના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન! ૬૭૯!પી એફ આર!૨૪૬૯-૨૮૭૯ સી એચથી દાખલ કરેલ છે.

---

£ નાણાં વિભાગના તારીખ, ૧૫મી એપ્રિલ, ૧૯૮૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન !૩૧-પીએફ આર-૧૦૭૯-૪૬૮! સીએચથી મૂકેલ છે.

@ નાણાં વિભાગના તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાક: જીએન-૨૨૫-પી એફ આર! ૨૪૭૦-૫૦૧! સીએચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાક: જીએન-૨૩૬-પી એફ આર-૨૪૭૧-૨૩૮૨-૩૩ (૭૪) સીએચથી દાખલ કરેલ છે.

%[ (૨-ક) નિયમ ૧૫-કના પેટા-નિયમ (૨) ના ખંડ (ક) હેઠળ બચતદારને મંજૂર કરેલ ઉપાડની રકમ મંજૂરીની તારીખથી ગણેલા બાર અંગ્રેજી મહિનાની મુદતમાં, ચારથી વધારે ન હોય તેટલા હપ્તામાં ઉપાડી શકાશે.]

@ (૨ખ) જમીન અથવા મકાન ખરીદવા અથવા મકાન બાંધતી સહકારી મંડળી અથવા તેવી એજન્સી મારફત, મકાન બંધાવવા માટે બચતદારે હપ્તેથી ચુકવણી કરવાની હોય તે કિસ્સાઓમાં તેને જ્યારે અને જ્યાં કોઈપણ હપ્તાની ચુકવણી કરવાનું કહેવામાં આવે ત્યારે રકમનો ઉપાડ કરવાની પરવાનગી આપવી જોઈશે. આ પેટા-નિયમ હેઠળની રકમના ઉપાડને નિયમ ૧૫-ખ ના પેટા-નિયમ (૧) ના હેતુ માટે કોઈપણ એક સમયે ઉપાડેલી રકમ તરીકે ગણવામાં આવશે.

* (૩) જે બચતદારે મકાન બાંધવાના હેતુ માટે પેશગી આપવા અંગેની, બાંધકામ, ગૃહનિર્માણ અને પુરવઠા મંત્રાલયની યોજના હેઠળ પેશગી મેળવી હોય અથવા જેને આ અંગે બીજા કોઈપણ સરકારી સાધનમાંથી કોઈ સહાય લેવા દેવામાં આવી હોય તેવો બચતદાર, પેટા-નિયમ (૨)ના પેટા-ખંડો (ઘ), (ચ), (છ) અથવા (જ) હેઠળ, તેમાં નિર્દિષ્ટ હેતુઓ માટે, તેમજ ઉપર્યુકત યોજના હેઠળ લીધેલી કોઈ લોન ભરપાઈ કરવાના હેતુ માટે, નિયમ ૧૫-ખના પેટા-નિયમ (૧)ના પરંતુકમાં દર્શાવેલી મર્યાદાને અધીન રહીને આખરી ઉપાડની મંજૂરીને પાત્ર ગણાશે.

+[નોંધ ૧.- નિયમ ૧૫-કના પેટા-નિયમ (૨)ના ખંડો (ઘ), (ચ) અને (છ) હેઠળ મકાન બાંધવાના હેતુ માટેનો આખરી ઉપાડ એ શરતોને અધીન રહેશે કે બચતદારનું પોતાનું અથવા બચતદારના પતિ કે પત્નીનું અથવા તેના સગીર બાળકનું મકાન હોવુ જોઈએ નહિ. પરંતુ નીચે પ્રમાણે હોય તો સરકાર શરત હળવી કરી શકશે.

(૧) બચતદાર અથવા બચતદારના પતિ કે પત્ની અથવા સગીર બાળકનું ગામમાં મકાન હોય અને બચતદાર શહેરમાં રહેવા ઈચ્છતો હોય તો, અથવા

(૨) બચતદારનું અન્ય સગાઓ સાથે સંયુકત મકાન હોય પણ તે ખરેખર જાતે રહેવા માટે પોતાનું અલગ મકાન બાંધવા ઈચ્છતો હોય તો, અથવા

(૩) કોઈપણ અન્ય અસાધારણ સંજોગોમાં.

નોંધ ૨.- નોંધ ૧ના ખંડો (૧) અને (૨)માં જણાવેલ મકાન ફરી બાંધવા અથવા તેમાં સુધારાવધારા કરવાના હેતુ માટેનો આખરી ઉપાડ, નોંધ ૧ હેઠળ ઉપાડ જેને કરવા દીધો હતો તેવા બચતદારને, કરવા દેવામાં આવશે નહિ.

નોંધ ૩.- જે બચતદારને નિયમ ૧૫-કના પેટા-નિયમ (૨) ના ખંડ (ઘ) હેઠળ આખરી ઉપાડ મંજૂર કર્યો હોય તે બચતદારની લેખિત વિનંતિથી, યોગ્ય અધિકારી, હપ્તાઓની સંખ્યા અને રકમ નક્કી કરશે].

---

% નાણાં વિભાગના તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૧૩-પી એફ આર-૧૦૮૨-જીઓઆઇ-૧/ સીએચથી મૂકેલ છે.

@નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૭૬ના સરકારી જાહેરમાં ક્રમાંક: જીએન-૪૬! પી એફ આર! ૧૦૭૪! ૨૦૩! સીએચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૩જી જૂન, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૦-પી એફ આર! ૨૪૬૯! ૩૩૪૬! સી એચ અને તારીખ ૩૦મી જાન્યુઆરી ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૨૩૬-પી એફ આર-૨૪૭૧-૨૩૮૨-૩૩ (૭૪) સી એચથી મૂકેલ છે.

... તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન ૧૪૭-પી એફ

@ (૩ક) પેટા-નિયમ (૨)માં ગમે તે કોઈપણ મજકૂર હોય તે છતાં, બચતદારને તેની નિવૃત્તિની તારીખ પહેલાં, છ મહિનાની અંદર, ખેતીની જમીન અથવા ધંધાની જગા લેવા માટે, ફંડમાં તેના ખાતે બાકી જમા રકમમાંથી, આખરી ઉપાડની પરવાનગી આપી શકાશે.

*[ (૪) બચતદાર, પાછલા ફાળાના પુરાવા સાથે જનરલ પ્રોવિડન્ટ ફંડ હિસાબના છેલ્લા પ્રાપ્ય પત્રકના સંદર્ભમાં, જનરલ પ્રોવિડન્ટ ફંડ હિસાબ ખાતે, તેની જમા રહેલી રકમ અંગે મંજૂર કરતા સત્તાધિકારી જાતે, રિફંડપાત્ર પેશગીના કેસમાં, ઠરાવેલી મર્યાદાની અંદર આખરી ઉપાડ મંજૂર કરી શકશે. આમ કરવામાં, મંજૂર કરતા સત્તાધિકારીએ બચતદારને પક્ષે તેણે ખરેખર મંજૂર કરેલ કોઈપણ આખરી ઉપાડ અથવા રિફંડપાત્ર પેશગી ધ્યાનમાં લેવી જોઈશે. તેમ છતાં બચતદાર તેના ખાતે જમા રકમ અંગે મંજૂર કરતા સત્તાધિકારીને ખાતરી કરાવી ન શકે અથવા અરજી કરેલ આખરી ઉપાડની પ્રાપ્યતા અંગે, કંઈપણ શંકા હોય તો, મંજૂર કરતા સત્તાધિકારી આખરી ઉપાડની રકમની પ્રાપ્યતા નક્કી કરી શકે તે દૃષ્ટિએ બચતદારના ખાતે જમા નિશ્ચિત કરવા માટે મંજૂર કરતા સત્તાધિકારીએ હિસાબ અધિકારીને (લખી) જણાવવું જોઈશે. આખરી ઉપાડ માટેની મંજૂરીમાં જનરલ પ્રોવિડન્ટ ફંડ હિસાબ નંબર, તરત નજરે પડે તે રીતે દર્શાવવો જોઈશે અને હિસાબ અધિકારીએ, હિસાબ જાળવવો અને આખરી ઉપાડ માટેની મંજૂરીની નકલ, તે હિસાબ અધિકારીને અચૂક મોકલવી જોઈશે. મંજૂર કરતા સત્તાધિકારી એમ સુનિશ્ચિત કરવા જવાબદાર રહેશે કે, બચતદારના હિસાબની ખાતાવહીમાં આખરી ઉપાડની મંજૂરીની નોંધ કરવામાં આવી છે એવી હિસાબ અધિકારી તરફથી પહોંચ મળી છે. હિસાબ અધિકારી રિપોર્ટ કરે કે મંજૂર કરેલ આખરી ઉપાડ બચતદારના ખાતે જમા રકમથી વધારે છે અથવા બચતદારે ઉપાડેલી રકમ અન્યથા મળવાપાત્ર નથી તો, એક સામટી રકમ તરત જ બચતદારે ફંડમાં ભરી દેવી જોઈશે અને આવી રીતે ફરી ભરવામાં ચૂક થયેથી તેના મળતરમાંથી એક સામટી રકમ વસૂલ કરવાનો અથવા રાજ્યપાલે નક્કી કરેલ માસિક હપ્તાઓની સંખ્યા પ્રમાણે વસૂલ કરવાનો મંજૂર કરતા સત્તાધિકારીએ હુકમ કરવો જોઈશે.]

**[ (૫) આખરી ઉપાડ મંજૂર કર્યા પછી, જે કિસ્સાઓમાં આખરી ચુકવણી માટેની અરજી નિયમ ૩૧ના પેટા-નિયમ (૩) હેઠળ હિસાબ અધિકારીને મોકલી હોય તે કિસ્સાઓમાં હિસાબ અધિકારીના અધિકારપત્રથી રકમ ઉપાડવી જોઈશે].

૧૫-ખ. (૧) સામાન્ય રીતે બચતદાર, નિયમ ૧૫-કમાં દર્શાવેલા એક કે વધુ હેતુઓ માટે ફંડમાં તેના ખાતે જમા રહેલી રકમમાંથી, વધુમાં વધુ તે રકમ પૈકી અડધી રકમ કે છ મહિનાના પગાર જેટલી રકમ-એ બેમાંથી ઓછી હોય તેટલી રકમ એકી વખતે ઉપાડી શકશે.

@ નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન ૧૪૭-પી એફ આર-૧૦૮૨-૧૧૬૮ સીએચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૭૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૧૯૦-પી એફ આર-૨૪૭૨-૪૯ (જીઓઆઇ) સી એચ થી દાખલ કરેલ છે.

** નાણાં વિભાગના તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૭૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૧૩૩-પી એફ આર! ૨૪૭૧-૭૬/ સીએચથી દાખલ કરેલ છે.

આમ છતાં, મંજૂર કરતા સત્તાધિકારી (૧) થઈ રહેલા ઉપાડનો હેતુ (૨) બચતદારનો દરજ્જો અને (૩) ફંડમાં તેના ખાતે જમા રહેલી રકમ લક્ષમાં લઈ, સદરહુ મર્યાદા કરતાં વધુ પણ ફંડમાં તેના ખાતે જમા સિલકના ¾ ભાગ સુધીની રકમ ઉપાડવાની મંજૂરી આપી શકશે:

પરંતુ જેણે મકાન બાંધવાના હેતુ માટે પેશગી આપવા અંગેની બાંધકામ, ગૃહનિર્માણ અને પુરવઠા મંત્રાલયની યોજના હેઠળ પેશગી મેળવી હોય અથવા જેને આ અંગે બીજા કોઈપણ સરકારી સાધનમાંથી સહાય લેવા દેવામાં આવી હોય તેવા બચતદારના કિસ્સામાં * [નિયમ ૧૫-કના પેટા-નિયમ (૩) માં ઉલ્લેખેલી યોજના હેઠળ લીધેલી કોઈપણ લોનની ફેર ચુકવણી માટેના હોય તે સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે આ પેટા-નિયમ હેઠળ ઉપાડેલી રકમ] તેમજ સદરહુ યોજના હેઠળ લીધેલી પેશગીની રકમ અથવા બીજા કોઈપણ સરકારી સાધનમાંથી લીધેલી સહાય + [રૂા.-૧, ૨૫,૦૦૦ અથવા ૭૫ મહિનાના પગાર] એ બેમાંથી ઓછી હોય તેટલી રકમ કરતાં વધવી જોઈએ નહિ.

(૨) નિયમ ૧૫-ક હેઠળ ફંડમાંથી નાણાં ઉપાડવાની જેને છૂટ આપવામાં આવી હોય તેવા બચતદારે, મંજૂર કરતા સત્તાધિકારીને, જે હેતુ માટે નાણાં ઉપાડવામાં આવ્યાં હતાં તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેવી ખાતરી, તે અધિકારી જણાવે તેવી વાજબી મુદતમાં કરાવવાની રહેશે અને આમ કરવામાં ચૂક તો તેણે આ રીતે ઉપાડેલી તમામ રકમ અથવા તે ઉપાડવામાં આવી હોય તે હેતુ માટે તે પૈકી જેનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોય તે રકમ બચતદારે તરતજ એક સામટી * [કમી કરેલ છે] ફંડમાં ભરપાઈ કરવાની રહેશે અને ભરપાઈ કરવામાં કસૂર થશે, તો મંજૂર કરતા સત્તાધિકારી આ રીતે ભરપાઈ નહિ કરેલી રકમ તેના મળતરમાંથી એકસામટી અથવા સરકાર નિયત કરે તેવા માસિક હપ્તાઓથી વસૂલ કરવાનો હુકમ આપી શકશે.

@ [ (૩) (ક) નિયમ ૧૫-કના પેટા-નિયમ (૨) ના ખંડો (ઘ), (ચ), (છ) અથવા (જ) હેઠળ જે બચતદારને, ફંડમાં તેના ખાતે જમા રહેલી રકમમાંથી નાણાં ઉપાડવાની છૂટ આપવામાં આવી હોય તે બચતદાર, બાંધેલા અથવા પ્રાપ્ત કરેલા અથવા આવી રીતે ઉપાડેલાં નાણાંમાંથી આવી રીતે ખરીદેલ મકાનની જમીનનો, અથવા, યથાપ્રસંગ, આવી રીતે પ્રાપ્ત કરેલ રહેવાનું મકાન અથવા ફ્લેટનો કબજો, વેચાણ (ગુજરાતના રાજ્યપાલને ગીરો મૂકેલ હોય તે સિવાયનો અન્ય) ગીરો, બક્ષિશ, વિનિમય અથવા ગુજરાતના રાજ્યપાલની અગાઉથી પરવાનગી સિવાય અન્યથા છોડી શકશે નહિ:

---

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૪૩-પી એફ આર-૨૪૭૧-૯૩૨-સી એચ થી કમી કરેલ છે.

+ નાણાં વિભાગના તારીખ, ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી ઠરાવ ક્રમાંક: જીએન-૧૪૬-પીએફઆર-૧૦૮૨-૧૧૮૬-સી એચ થી મૂકેલ છે.

@ નાણાં વિભાગના તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૭૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએન-૨૪-પી એફ આર-૨૪૭૪-૯૩ (જી. ઓ.આઈ) સી એચ થી મૂકેલ છે.

પરંતુ આવી <u>પરવાનગી</u> ....... મકાન અથવા મકાનની જગા પટે

(૧) ત્રણ વર્ષથી વધુ ન હોય તેવી કોઈ મુદત માટે મકાન અથવા મકાનની જગા પટે આપવા માટે, અથવા

(૨) જે નવા મકાનના બાંધકામ માટે અથવા વિદ્યમાન મકાનમાં સુધારા વધારા કરવા માટે લોન આપતાં હોય તેવાં, ગૃહનિર્માણ મંડળ, જીવન વીમા કોર્પોરેશન અથવા સરકારની માલિકીના અથવા તેનાથી નિયંત્રિત થતા અન્ય કોઈપણ કોર્પોરેશનને, તે ગીરો મૂકવા માટે, જરૂરી રહેશે નહિ.

(ખ) બચતદારે, યથાપ્રસંગ, મકાન અથવા મકાનની જગા તેના કબજામાં ચાલુ છે અથવા તેને ગીરે મૂકેલ છે, અન્યથા ઉપર્યુકત પ્રમાણે તબદીલ કરેલ અથવા ભાડે આપેલ છે કે કેમ તે બાબતનો એકરાર, દર વર્ષે ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખથી મોડું ન હોય તેમ સાદર કરવો જોઈશે, અને જો તેમ કરવાનું ફરમાવવામાં આવે તો મંજૂર કરતા સત્તાધિકારી સમક્ષ, તે અર્થે તે સત્તાધિકારી નિર્દિષ્ટ કરે તે તારીખે અથવા તે પહેલાં, (મૂળ) અસલ વેચાણ, ગીરો અથવા પટા ખત અને જેના પર તેનો મિલકત હક આધારિત હોય તેવા દસ્તાવેજો પણ રજૂ કરવા જોઈશે.

(ગ) બચતદાર, તેની નિવૃત્તિ પહેલાં કોઈપણ સમયે, ગુજરાતના રાજ્યપાલની પૂર્વ મંજૂરી સિવાય, મકાન અથવા મકાન-જગાનો કબજો છોડી દેશે તો, આવી રીતે ઉપાડેલી રકમ તેણે, એકસામટી ફંડમાં ભરપાઈ કરવાની રહેશે અને આમ ભરપાઈ કરવામાં ચૂક થતાં, મંજૂર કરતા સત્તાધિકારી, તે બાબતમાં રજૂઆત કરવાની બચતદારને વાજબી તક આપ્યા પછી, એકસામટી અથવા માસિક હપ્તાઓની નકકી કરે તેવી સંખ્યામાં, બચતદારના મળતરમાંથી સદરહુ રકમ વસૂલ કરાવશે.]

+ [નોંધ ૧.- આ નિયમ હેઠળ તે જ હેતુ માટે, એકવાર અંશતઃ આખરી ઉપાડની છૂટ આપવામાં આવશે પણ જુદાં જુદાં બાળકોનાં લગ્ન અથવા શિક્ષણ અથવા જુદા જુદા પ્રસંગોએ માંદગીને એક જ હેતુ તરીકે ગણવામાં આવશે નહિ.

નોંધ ૨.- તેજ હેતુ માટે અને તેજ સમયે, નિયમ ૧૪ હેઠળ પેશગી મંજૂર કરવામાં આવી હોય તો, આ નિયમ હેઠળ આખરી ઉપાડ મંજૂર કરવામાં આવશે નહિ.]

@ (૪) કમી કર્યો.

૧૫ ગ નિયમ ૧૫-ક ના પેટા-નિયમ (૨) ના ખંડો (ક), (ખ) અને (ગ) માં દર્શાવેલા કોઈપણ હેતુ માટે નિયમ ૧૪ હેઠળ જેણે પેશગી લઈ લીધી હોય અથવા હવે પછી લેનાર હોય તેવો બચતદાર, નિયમો ૧૫-ક અને ૧૫-ખ માં નિયત કરેલી શરતોનું તેણે પાલન કર્યું હોય

---

+ નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન ૧૪૬/પીએફઆર/૧૦૮૨/૧૧૮૬/સી એચથી દાખલ કરેલ છે.

@ નાણાં વિભાગના તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૭૧ના સરકારી ...

તો પોતાની વિવેકબુધ્ધિ અનુસાર તે પેટેની બાકી નીકળતી રકમ, મંજૂર કરતા સત્તાધિકારી મારફત, લેખિત વિનંતી કરીને ઉપાડમાં ફેરવી શકશે.

+ [નોંધ-૧. મંજૂર કરતા સત્તાધિકારીએ, ઠરાવેલા નમૂનામાં, કામચલાઉ પેશગીને, આખરી ઉપાડમાં ફેરવવાની મંજૂરી આપવી જોઈશે અને હિસાબ અધિકારીને નકલ મોકલવી જોઈશે. રાજપત્રિત બચતદારોના કિસ્સામાં, આવી મંજૂરીની નકલ તિજોરી અધિકારી/પગાર અને હિસાબ અધિકારીને પણ મોકલવી જોઈશે.

નોંધ ૨.- નિયમ ૧૫-ખના પેટા-નિયમ (૧) ના હેતુ માટે, આખરી ઉપાડ સમયે સિલકમાં બાકીની રકમ અને જરૂરી વ્યાજ સાથે ફાળા તરીકે તે પછી જમા રહેલી વધારાની રકમ, કોઈ હોય તો તે, સિલક તરીકે ગણવામાં આવશે.]

૧૫-ઘ.- નિયમ ૧૪-ક ના પેટા-નિયમ (૧)ના ખંડ (ગ) હેઠળ ખાસ કારણોસર પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી, જેમણે નોકરીના *૨૫ વર્ષ પૂરાં કર્યાં હોય અથવા જેમને નિવૃત્તિવયે પહોંચવા માટે *પાંચ કરતાં ઓછા વર્ષ બાકી હોય તેવા બચતદારોને, મોટરકાર ખરીદવા માટે કે આ હેતુથી તેમણે લઈ લીધેલી સરકારી લોન ભરપાઈ કરવા માટે, તેમના ખાતે જમા રકમમાંથી કોઈપણ સમયે આખરી ઉપાડ કરવાની મંજૂરી નીચેની શરતોને અધીન રહીને આપી શકાશે:....

(૧) અધિકારીનો પગાર રૂપિયા એક હજારથી ઓછો ન હોય.

* [ (૨) ઉપાડની રકમ, રૂપિયા સોળ હજાર અથવા જનરલ પ્રોવિડન્ટ ફંડમાં બચતદારના ખાતે જમા રકમનો એક તૃતિયાંશ ભાગ અથવા મોટરકારની ખરેખરી કિંમત-એ બધામાંથી સૌથી ઓછી હોય તેટલી રકમ પૂરતી મર્યાદિત રહેશે.: ]

પરંતુ કોઈ ખાસ કિસ્સામાં મંજૂર કરતા સત્તાધિકારી, ફંડ હિસાબમાં બચતદારના ખાતે જમા સિલકની અડધી રકમ સુધી, આ મર્યાદાથી વધારે રકમનો ઉપાડ મંજૂર કરી શકશે.

(૩) આવો ઉપાડ ફકત એક વખત કરી શકાશે. બીજી મોટરકારની ખરીદી માટેના ઉપાડની બાબતમાં. મુંબઈ નાણાકીય નિયમોની અને તેના પૂરક એવા બીજા કોઈ હુકમો હોય તો તેની સંબંધિત જોગવાઈઓ હેઠળ મોટરકાર અંગેની પેશગી મળી શકશે નહિ.

** ૧૫. ચ. જે બચતદારે નોકરીનાં પચ્ચીસ વર્ષ પૂરાં કર્યાં હોય અથવા જેમને નિવૃત્તિવયે પહોંચવા માટે પાંચ કરતાં ઓછાં વર્ષ બાકી હોય તેવા બચતદારોને તેની મોટરકારની વધારાની મરામત અથવા સમી કરાવવાના હેતુ માટે, પ્રોવિડન્ટ ફંડમાં તેમના ખાતે જમા રકમમાંથી આખરી ઉપાડ કરવાની મંજૂરી નીચેની શરતોને અધીન રહીને આપી શકાશે:-

---

+ નાણાં વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક/જીએન/ ૧૪૬/ પી એફ આર/ ૧૦૮૨/ ૧૧૮૬/ સી એચથી દાખલ કરેલ છે.

* નાણાં વિભાગના તારીખ ૩જી જૂન, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૨૫-પી એફ આર

(૧) અધિકારીનો પગાર રૂપિયા ૧૪૦૦/-થી ઓછો ન હોવો જોઈએ;

(૨) ઉપાડની રકમ રૂા. ૫૦૦૦/- અથવા જનરલ પ્રોવિડન્ટ ફંડમાં બચતદારની જમા રહેલી રકમના એક તૃતિયાંશ ભાગ અથવા મરામત/ સમી કરાવવાની ખરેખર રકમ-એ બધામાંથી સૌથી ઓછી હોય તેટલી રકમ પૂરતી મર્યાદિત રહેશે;

(૩) સંબંધિત અધિકારીએ, મોટરકાર ખરીદયાને પાંચથી ઓછાં વર્ષ વીત્યાં ન હોય, જૂની મોટરકારની બાબતમાં, પહેલા ખરીદનારની ખરીદીની પ્રારંભિક તારીખ, ધ્યાનમાં લેવામાં આવશે;

(૪) આવો ઉપાડ બચતદારની નોકરી દરમિયાન, એકજ વખત કરવા દેવામાં આવશે.

નિયમ ૧૪ હેઠળ ખાસ કારણો માટે, પેશગી મંજૂર કરતા યોગ્ય સત્તાધિકારી ઉપર જણાવેલી શરતોને અધીન રહીને, આખરી ઉપાડ મંજૂર કરી શકશે. કાર્યપ્રણાલિની વિગતો અન્ય ઉપાડના કિસ્સામાં હોય તેવી જ રહેશે.]

## વીમા પોલિસીઓ અને કુટુંબ પેન્શન ફંડો, પેટે ચુકવણીઓ.

૧૬. આમાં હવે પછી નિયમો ૧૭ થી ૨૬માં દર્શાવેલી શરતોને અધીન રહીને -

(ક) (૧) મુંબઈ સરકારે આ અર્થે માન્ય *રાખેલા કુટુંબ પેન્શન ફંડમાં ફાળા; અથવા

(૨) જીવન વીમા પોલિસી પેટેની ચુકવણીઓ અથવા બચતદારની ઈચ્છા મુજબ પૂર્ણત: અથવા અંશત: ફંડના ફાળાની અવેજીમાં મૂકી શકાશે;

(ખ) ફંડમાં બચતદારના ખાતે જમા રહેતી વ્યાજ સહિત ફાળાની રકમ નીચેના હેતુસર ઉપાડી શકાશે:-

(૧) જીવન વીમા પોલિસી પેટે ચુકવણી કરવા માટે;

(૨) એક જ ચુકવણીવાળી (single-payment) વીમા પોલિસી ખરીદવા માટે;

(૩) એક જ પ્રિમિયમની ચુકવણી અથવા મુંબઈ સરકારે આ અંગે માન્ય રાખેલા કુટુંબ પેન્શન ફંડમાં ફાળો આપવા માટે:

પરંતુક [કમી કર્યો +]

*મુંબઈ સરકારે નીચેનું ફંડ માન્ય કર્યું છે:-
સરકારી કર્મચારીઓનું મુંબઈ કુટુંબ પેન્શન ફંડ,

---

+ નાણાં વિભાગ ના તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૨૪૬૯-૩૯૮૩-સી એચથી કમી કરેલ છે.

@ વધુમાં શૈક્ષણિક દેણગી પોલિસી પેટેની ચુકવણીઓ, ફંડમાં, ફાળા માટેની અવેજી તરીકે મૂકી શકાશે નહિ અને તે પોલિસી બચતદાર, નિવૃત્તિની સામાન્ય વયે પહોંચે તે પહેલાં પૂર્ણતઃ અથવા અંશતઃ ચુકવણી માટે લેણી થાય તો, આવી પોલિસીના સંબંધમાં કોઈપણ ચુકવણી અથવા ખરીદીને પહોંચી વળવા કંઈપણ રકમો ઉપાડી શકાશે નહિ: ]

વધુમાં ઉપાડેલી રકમોને, નજીકના આખા રૂપિયામાં ફેરવવામાં આવશે.

૧૬-ક. (૧) નિયમ ૧૬ હેઠળ જે અંગે ફંડ ખાતે ભરવાના ફાળા માટે અવેજ અથવા ફંડમાંથી ફાળાના ઉપાડની છૂટ આપી શકાય તેવી પોલિસીઓની સંખ્યા, ચાર કરતાં વધવી જોઈએ નહિ:

પરંતુ ૧૮મી જાન્યુઆરી, ૧૯૫૪ની તરતજ પહેલાં ચાર કરતાં વધારે પોલિસીઓની બાબતમાં, ફંડમાં ભરવાના ફાળા માટે અવેજ અથવા ફંડમાંથી ફાળાના ઉપાડની છૂટ આપવામાં આવી હોય, ત્યારે આવી અવેજ અથવા ઉપાડની છૂટ તે પોલિસીઓ પૂરતી ચાલુ રહેશે.

(૨) પેટા-નિયમ (૧)ના પરંતુકમાં જણાવેલી કોઈપણ પોલિસી સહિત જે પોલિસીના પ્રિમીયમ માટે, નિયમ ૧૬ હેઠળ ફંડમાંથી ફાળાના ઉપાડની છૂટ આપવામાં આવે, તે પોલિસીનું પ્રિમીયમ વાર્ષિક ચુકવણીથી જ ભરી શકાશે, બીજી રીતે નહિ.

સ્પષ્ટીકરણ.- પેટા-નિયમ (૧) માં જણાવેલી પોલિસીઓની વધુમાં વધુ સંખ્યાની ગણતરીમાં પાકી ગયેલી પોલિસીઓનો સમાવેશ થશે.

૧૭. (૧) નિયમ ૧૬ના ખંડ (ક) હેઠળ અવેજી થતી કોઈપણ ફાળાની અથવા ચુકવણીની કુલ રકમ નિયમ ૧૦ (૧) હેઠળ ફંડમાં ભરવાના ઓછામાં ઓછા ફાળાની રકમ કરતાં ઓછી હોય, તો તફાવતની રકમ નિયમ ૧૩ ના પેટા-નિયમ (૨) ના ખંડ (૪) માં બતાવેલી રીતે નજીકના આખા રૂપિયામાં ફેરવી બચતદારે ફંડમાં ફાળા તરીકે ભરવી જોઈશે.

(૨) બચતદાર. ફંડમાં પોતાના ખાતે જમા રહેતી કોઈપણ રકમ નિયમ ૧૬ના ખંડ (ખ) માં દર્શાવેલા કોઈપણ હેતુ માટે ઉપાડે, તો તે નિયમના ખંડ (ક) નીચે તેને મળતા વિકલ્પને અધીન રહીને, તેણે ફંડમાં નિયમ ૧૦ હેઠળ ચૂકવવાજોગ થતો ફાળો ભરવાનું ચાલુ રાખવું પડશે.

---

@ નાણાં વિભાગના તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૭૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક પી એફ આર-૨૪૬૯-૩૯૮૩-સી એચ થી દાખલ કરેલ છે.

૧૮. (૧) નિયમ ૧૬ના ખંડ (ક) હેઠળ અવેજથી ફાળો ભરવા અથવા ચુકવણી કરવા ઇચ્છતો બચતદાર તદ્‌નુસાર પોતાના ફંડનો ફાળો ઘટાડી શકશે:

પરંતુ બચતદારે નીચેની કાર્યવાહી કરવાની રહેશે:-

(ક) ઘટાડાની હકીકત અને તે માટેનું કારણ પોતાના પગાર-બિલ ઉપર અથવા પત્રદ્વારા હિસાબ અધિકારીને જણાવવાં જોઈશે;

(ખ) ફાળાની ઘટાડેલી રકમ નિયમ ૧૬ના ખંડ (ક) માં દર્શાવેલા હેતુઓ માટે બરાબર ઉપયોગમાં લેવાઈ હોવાની હિસાબ અધિકારીને ખાતરી કરાવવા માટે હિસાબ અધિકારી ફરમાવે તેટલી મુદતમાં તેને પહોંચો અથવા પહોંચોની પ્રમાણિત નકલો મોકલવી જોઈશે.

(૨) નિયમ ૧૬ના ખંડ (ખ) હેઠળ કોઈ રકમ ઉપાડવા ઇચ્છતા બચતદારે-

(ક) હિસાબ અધિકારીને નાણાં-ઉપાડ માટેનું કારણ પત્ર દ્વારા જણાવવું જોઈશે;

(ખ) નાણાં-ઉપાડ માટે હિસાબ અધિકારી સાથે વ્યવસ્થા કરવી જોઈશે;

(ગ) ઉપાડેલી રકમ, નિયમ ૧૬ના ખંડ (ખ) માં દર્શાવેલા હેતુઓ માટે બરાબર ઉપયોગમાં લેવાઈ હોવાની હિસાબ અધિકારીને ખાતરી કરાવવા માટે, હિસાબ અધિકારી ફરમાવે તેટલી મુદતમાં તેને પહોંચો અથવા પહોંચોની પ્રમાણિત નકલો મોકલવી જોઈશે.

(૩) જે અંગે તેને, પેટા-નિયમ (૧) ના ખંડ (ખ) અને પેટા-નિયમ (૨) ના ખંડ (ગ) થી ઠરાવેલી રીતે ખાતરી થઈ ન હોય તેવી ફાળામાં કરેલાં કોઈ ઘટાડાની કે ઉપાડેલી કોઈ રકમ, [કમી કરેલ છે * ] બચતદારના મળતરમાંથી વસૂલ કરવાનો હુકમ હિસાબ અધિકારી આપશે અને બચતદારના ખાતે ફંડમાં તે રકમ જમા કરશે.

૧૯. (૧) સરકાર બચતદારોના વતી વીમા કંપનીઓને કશી પણ ચુકવણી કરશે નહિ તેમજ પોલિસી ચાલુ રાખવા માટે કોઈ પગલાં લેશે નહિ.

(૨) બચતદારે પોતાની જિંદગી માટે લીધેલી અને બચતદાર દ્વારા મુંબઈના રાજ્યપાલને કાયદેસર રીતે એસાઈન કરી શકાય તેવી પોલિસી જ આ નિયમો અનુસાર સ્વીકાર્ય ઠરશે. ( સિવાય કે તે, જેમાં તેની પત્નીના અથવા પત્ની તેમજ બાળકોના કે તેમાંના કોઈના લાભાર્થે હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેવી પુરુષ બચતદારે કઢાવેલી પોલિસી હોય).

સ્પષ્ટીકરણ.-૧.- આ પેટા-નિયમના હેતુ માટે બચતદાર અને તેની પત્ની અથવા પતિની સંયુક્ત જીંદગીના વીમાની પોલિસી, બચતદારની પોતાની જિંદગીના વીમાની પોલિસી ગણાશે.

---

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. ૪૩-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચથી કમી કરેલ છે.

સ્પષ્ટીકરણ ૨. -બચતદારની પત્નીને એસાઈન કરવામાં આવેલી પોલિસી તે સૌ પ્રથમ બચતદારના નામે ફરીથી એસાઈન કરવામાં ન આવે અથવા તે અને તેની પત્ની બન્ને યોગ્ય એસાઈનમેન્ટમાં પક્ષકાર ન બને તો સ્વીકાર્ય ઠરશે નહિ.

(૩) બચતદારની પત્ની કે પતિ અથવા તેની પત્ની કે પતિ અને બાળકો અથવા તેમાંના કોઈ સિવાયના અન્ય કોઈ હિતાધિકારીના લાભાર્થે પોલિસી કઢાવાય નહિ:

પરંતુ અગાઉ અમલમાં રહેતા નિયમોના નિયમ ૨૧ (૨) ની નોંધ ૧ અથવા નિયમ ૨૧-ક ના ખંડ (ખ) અથવા (ગ) હેઠળ પોલિસીઓ લીધી હોય તેવા બચતદારો, એ રીતે લીધેલી પોલિસીઓ પૂરતા, તે નિયમોની જોગવાઈઓને અધીન રહેશે.

૨૦. (૧) પોલિસી અંગે ફંડમાંથી સૌ પ્રથમ ફાળો અટકાવ્યા બાદ અથવા તેમાંથી ઉપાડ કર્યા બાદ છ મહિનામાં અથવા જેનું સદર-મુકામ ભારતની બહાર હોય તેવી વીમા કંપની બાબતમાં પૂર્ણતા પ્રમાણપત્ર (વચગાળાની પહોંચ) રજૂ કરવાથી હિસાબ અધિકારીને સંતોષ થાય તો તે ઠરાવે તેટલા વધુ સમયમાં પોલિસી-

(ક) નિયમ ૨૫ હેઠળ ફંડમાં ભરવાની થાય તેવી કોઈ રકમની ચુકવણી માટેની જામીનગીરી પેટે મુંબઈના રાજ્યપાલને એસાઈન કરી હિસાબ અધિકારીને સોંપી દેવી પડશે, સિવાય કે તે, જેમાં બચતદારની પત્ની કે તેની પત્ની અને બાળકોના કે તેમાંના કોઈના લાભાર્થે હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય એવી પુરુષ બચતદારે કઢાવેલી પોલિસી હોય. પોલિસી બચતદારની જિંદગીના વીમાની હોય અથવા બચતદાર અને તેની પત્ની કે તેના પતિની સંયુકત જિંદગીના વીમાની હોય કે બચતદારની પત્નીના નામે અગાઉ એસાઈન થઈ હોય તે અનુસાર બીજી અનુસૂચિમાંના નમૂના (૧) અથવા (૨) અથવા (૩) માં પોલિસી ઉપર શેરો કરીને આ એસાઈનમેન્ટ કરી શકાશે;

(ખ) જેમાં બચતદારની પત્નીના અથવા તેની પત્ની અને બાળકોના અથવા તેમાંના કોઈના લાભાર્થે હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેવી પુરુષ બચતદારે કઢાવેલી પોલિસી હોય તો તે હિસાબ અધિકારીને સોંપી દેવી જોઈશે.

(૨) શકય હોય ત્યાં, વીમા કંપનીને પુછાણ કરી આ અગાઉ તે પોલિસી એસાઈન થયેલ નથી તેની હિસાબ અધિકારીએ જાતે ખાતરી કરી લેવી.

(૩) ફંડમાંથી નાણાં આપવા માટે હિસાબ અધિકારીએ એક વખત પોલિસી સ્વીકારી હોય તે પછી હિસાબ અધિકારીની પૂર્વ મંજૂરી સિવાય, પોલિસીની શરતોમાં કોઈ ફેરફાર થઈ શકશે નહિ કે તેના બદલામાં બીજી પોલિસી લઈ શકાશે નહિ અને આવા ફેરફારની કે નવી પોલિસીની વિગતો તેમને પૂરી પાડવાની રહેશે.

(૪) સદરહુ છ મહિનાના ગાળાની અંદર કે પેટા-નિયમ (૧) હેઠળ હિસાબ અધિકારી ઠરાવે તેવા વધુ ગાળાની અંદર પોલિસી એસાઈન કરી સોંપવામાં આવી ન હોય અથવા સોંપી દેવામાં આવી ન હોય તો પોલિસી અંગે ફંડમાંથી અટકાવેલી અથવા ઉપાડેલી કોઈ રકમ,

બચતદારે તરતજ ફંડમાં ભરવી અથવા ભરપાઈ કરી આપવી પડશે, અથવા આમાં કસૂર થયે, જે આપવા માટે નિયમ ૧૪ના પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) અનુસાર ખાસ કારણો જરૂરી બને તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ફરમાવે તે પ્રમાણે બચતદારના મળતરમાંથી હપ્તાથી કે બીજી રીતે કપાત કરીને તે વસૂલ કરવા હિસાબ અધિકારી હુકમ કરશે.

(૫) બચતદારે પોલિસી એસાઈન કર્યાની નોટિસ વીમા કંપનીને આપવી પડશે અને નોટિસ મળ્યા બદલ વીમા કંપનીએ મોકલેલી પહોંચ, એસાઈન કર્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર હિસાબ અધિકારીને મોકલવી પડશે.

નોંધ ૧.- એસાઈન કર્યાની નોટિસની બે નકલો બચતદારોએ વીમા કંપનીને મોકલવી અને ગ્રેટબ્રિટન અથવા આયર્લેન્ડમાં આવેલી કંપનીને નોટિસ મોકલવાની હોય તો વીમા પોલિસી અધિનિયમ, ૧૮૬૭ દ્વારા અધિકૃત કરવામાં આવેલી પહોંચ માટે પાંચ શિલિંગની ફીના ભરણા સાથે તે મોકલવી.

નોંધ ૨.- નોકરી છોડીને ગ્રેટબ્રિટન અથવા આયર્લેન્ડ જતા બચતદારોએ ઈંગ્લીશ સ્ટેમ્પ કાયદા હેઠળ, તે દેશોમાં તેઓ પહેલી વખત આવી પહોંચે તેના ૩૦ દિવસની અંદર એસાઈનમેન્ટ અથવા રિએસાઈન્મેન્ટ પર સ્ટેમ્પ લગાવવો જરૂરી છે, નહિતર સ્ટેમ્પ અધિનિયમ હેઠળ દંડ થશે અને પોલિસી ચુકવણી માટે પાકતાં મુશ્કેલી ઊભી થશે.

૨૧. બચતદારે આવી પોલિસી ચાલુ હોય તે દરમિયાન પોલિસીની શરતો મુજબ જેનો ઉપાડ કરવાનું મરજિયાત હોય તેવું કોઈ બોનસ ચાલુ પોલિસી દરમિયાન મેળવવું નહિ અને પોલિસી ચાલુ હોય તે દરમિયાન જે ન મેળવવાનું પોલિસીની શરતો હેઠળ બચતદાર માટે મરજિયાત ન હોય તેવા બોનસની રકમ બચતદારે તરતજ ફંડમાં જમા કરાવવી પડશે, અથવા આમાં કસૂર થયેથી જે આપવા માટે નિયમ ૧૪ના પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) હેઠળ ખાસ કારણો જરૂરી બને તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ફરમાવે તે પ્રમાણે બચતદારના મળતરમાંથી હપ્તાથી અથવા બીજી રીતે કપાત કરીને તે વસૂલ કરવામાં આવશે.

૨૨. (૧) નિયમ ૨૬ ની જોગવાઈ મુજબ હોય તે સિવાય, બચતદાર-

(ક) નોકરી છોડી જાય; અથવા

(ખ) નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યો હોય અને પોલિસી ફરી એસાઈન કરવા અથવા પરત કરવા હિસાબ અધિકારીને અરજી કરે; અથવા

(ગ) રજા પર હોય તે દરમિયાન તેને નિવૃત્ત થવાની પરવાનગી આપવામાં આવી હોય અથવા સત્તા ધરાવતા તબીબી અધિકારીએ તેને વધુ નોકરી માટે અયોગ્ય જાહેર કર્યો હોય અને પોલિસી ફરી એસાઈન કરવા અથવા પરત કરવા હિસાબ અધિકારીને અરજી કરે; અથવા

(ઘ) નિયમ ૧૬ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) અને નિયમ ૧૬ના ખંડ (ખ) ના પેટા-ખંડ (૧) અને (૨) માં દર્શાવેલા કોઈપણ હેતુ માટે ફંડમાંથી અગાઉ આવેલી અથવા

તેમાંથી ઉપાડેલી કોઈ રકમ [ * ] ફંડમાં પૂરેપૂરી ચૂકવે અથવા ભરપાઈ કરે, ત્યારે હિસાબ અધિકારીએ નીચે મુજબ કાર્યવાહી કરવી-

(૧) પોલિસી નિયમ ૨૦ હેઠળ અથવા આ પહેલાં અમલમાં હોય તેવા તેને અનુરૂપ નિયમ હેઠળ મુંબઈના રાજ્યપાલને એસાઈન કરવામાં આવી હોય, તો તે ત્રીજી અનુસૂચિમાં આપેલા નમૂના ૧ માં બચતદારને નામે અથવા બચતદાર અને તેની સાથે સંયુકત વીમો ઉતરાવેલ વ્યકિતને નામે ફરીથી એસાઈન કરી, વીમા કંપનીને ઉદ્દેશીને લખેલી ફરીથી એસાઈન કર્યાની સહીવાળી નોટિસ સાથે બચતદારને સોંપી દેવી;

(૨) પોલિસી, નિયમ ૨૦ના પેટા-નિયમ (૧) ના ખંડ (ખ) હેઠળ તેને સોંપાયેલી હોય, તો તે પોલિસી બચતદારને સોંપી દેવી:

પરંતુ નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યા પછી અથવા રજા પર હોય તે દરમિયાન નિવૃત્ત થવાની તેને છૂટ મળ્યા પછી અથવા સત્તા ધરાવતા, તબીબી અધિકારીએ, તેને વધુ નોકરી માટે અયોગ્ય જાહેર કર્યા પછી બચતદાર ફરજ પર ફરીથી હાજર થાય તો, આ રીતે ફરીથી એસાઈન કરવામાં આવેલી અથવા સોંપવામાં આવેલી પોલિસી, જો તે પાકી ગઈ ન હોય અથવા એસાઈન કરી ન હોય અથવા કોઈપણ રીતે તેની ઉપર ભારણ કે બોજો ઊભો કરવામાં આવ્યો ન હોય તો, નિયમ ૨૦ માં દર્શાવેલી રીતે, ફરીથી મુંબઈના રાજ્યપાલને એસાઈન કરી આપી હિસાબ અધિકારીને સોંપવી પડશે, અથવા હિસાબ અધિકારીને ફરીથી સોંપી દેવી પડશે, અને તેમ છતાં આ નિયમોની જોગવાઈઓ, શકય હોય ત્યાં સુધી, તે પોલિસીને ફરીથી લાગુ પડશે:

વધુમાં, પોલિસી પાકી ગઈ હોય અથવા તે એસાઈન કરવામાં આવી હોય અથવા કોઈપણ રીતે તેની પર ભારણ કે બોજો ઊભો કરવામાં આવ્યો હોય, તો પોલિસી એસાઈન કરી સોંપવામાં થતી ચૂકને લાગુ પડતી નિયમ ૨૦ના પેટા-નિયમ (૪) ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) નિયમ ૨૬માં જોગવાઈ કર્યા મુજબ હોય તે સિવાય, બચતદાર નોકરી છોડી જતાં પહેલાં મૃત્યુ પામે તો હિસાબ અધિકારીએ નીચે મુજબ કાર્યવાહી કરવી-

(૧) નિયમ ૨૦ હેઠળ અથવા આ અગાઉ અમલમાં હોય તેવા તેને અનુરૂપ નિયમ હેઠળ પોલિસી મુંબઈના રાજ્યપાલને એસાઈન કરવામાં આવી હોય, તો તે ત્રીજી અનુસૂચિમાં આપેલા નમૂના ૨ માં તે પોલિસી મેળવવા કાયદેસર રીતે હકદાર વ્યકિતને નામે ફરીથી એસાઈન કરી, વીમા કંપનીને ઉદ્દેશીને લખેલી ફરીથી એસાઈન કર્યાની સહીવાળી નોટિસ સાથે તે આવી વ્યકિતને સોંપવી

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: ૪૩-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સી એચથી કમી કરેલ છે.

(૨) પોલિસી, નિયમ ૨૦ના પેટા-નિયમ (૧) ના ખંડ (ખ) હેઠળ તેને સોંપાઇ હોય તો, કોઈ હિતાધિકારી હોય તો તેને અને કોઈ હિતાધિકારી ન હોય તો તે મેળવવા કાયદેસર રીતે હકદાર હોય તેવી વ્યકિતઓને તે સોંપવી.

૨૩. (૧) નિયમ ૨૦ હેઠળ તે અગાઉ અમલમાં હોય તેવા તેને અનુરૂપ નિયમ હેઠળ મુંબઈના રાજ્યપાલને એસાઈન કરવામાં આવેલી પોલિસી બચતદાર નોકરી છોડી જાય તે પહેલાં પાકે અથવા બચતદાર અને તેની પત્ની અથવા તેના પતિના સંયુકત જિંદગીના વીમાની સદરહુ નિયમ અથવા તે અગાઉ અમલમાં હોય તેવા તેને અનુરૂપ નિયમ હેઠળ એસાઈન કરવામાં આવેલી પોલિસી, બચતદારની પત્ની અથવા તેના પતિના મૃત્યુને કારણે ચુકવણી માટે પાકે, તો હિસાબ અધિકારીએ, નિયમ ૨૬માં જોગવાઈ કર્યા મુજબ હોય તે સિવાય, નીચે પ્રમાણે કાર્યવાહી કરવી:-

(૧) કોઈ ચડેલ બોનસની રકમ સહિત વીમો ઉતરાવેલી રકમ, પોલિસી અંગે ફંડમાંથી અટકાવેલી અથવા ઉપાડેલી સંપૂણ રકમ કરતાં વધુ હોય તો હિસાબ અધિકારીએ, તે પોલિસી ચોથી અનુસૂચિમાં આપવામાં આવેલા નમૂનામાં બચતદારના અથવા બચતદાર અને સંયુકત વીમો ઉતરાવેલ વ્યકિતના નામે ફરીથી એસાઈન કરી બચતદારને સોંપી દેવી અને બચતદારે વીમા કંપનીમાંથી પોલિસીનાં નાણાં મળે કે તરતજ અટકાવેલી અથવા ઉપાડેલી પૂરેપૂરી રકમ વ્યાજસહિત ફંડમાં ભરવી અથવા ભરપાઈ કરી દેવી અને આમાં કસૂર થતાં, જ્યાં નિયમ ૧૬ના ખંડ (ક) કે (ખ) હેઠળ ફંડમાંથી અટકાવેલી અથવા ફંડમાંથી ઉપાડેલી રકમ, જે હેતુઓ માટે રકમ અટકાવવાની અથવા ઉપાડવાની મંજૂરી આપવામાં આવી હોય તે સિવાયના હેતુઓ માટે વાપરવામાં આવી હોય તેવા કેસોમાં લાગુ પડે છે તેમ, નિયમ ૨૭ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) કોઈ ચડેલ બોનસની રકમ સહિત વીમો ઉતરાવેલી રકમ અટકાવેલી અથવા ઉપાડેલી વ્યાજ સહિતની સંપૂર્ણ રકમ કરતાં ઓછી હોય, તો હિસાબ અધિકારીએ ચડેલા કોઈ બોનસ સહિત વીમો ઉતરાવેલી રકમ વસૂલ કરવી અને આમ વસૂલ કરેલી રકમ ફંડમાં બચતદારના ખાતે જમા કરવી.

(૨) નિયમ ૨૬માં જોગવાઈ કર્યા મુજબ હોય તે સિવાય, નિયમ ૨૦ના પેટા-નિયમ (૧) ના ખંડ (ખ) હેઠળ હિસાબ અધિકારીને સોંપવામાં આવેલી પોલિસી, બચતદાર નોકરી છોડી જાય તે પહેલાં પાકે તો હિસાબ અધિકારીએ તે પોલિસી બચતદારને સોંપવી:

પરંતુ પોલિસીમાં સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તે પ્રમાણે બચતદારની પત્ની અથવા તેની પત્ની અને બાળકો અથવા તેમાંના કોઈના પોલિસીમાંના હિતનો પોલિસી પાકે ત્યારે અંત આવતો હોય અને વીમા કંપની તેને પોલિસીનાં નાણાં ચૂકવે તો બચતદારે તે મળ્યેથી તરતજ ફંડમાં નીચે મુજબ ચુકવણી કે ભરપાઈ કરવી.-

(૧) * [ * ] પૉલિસી અંગે ફંડમાંથી અટકાવેલી અથવા ફંડમાંથી ઉપાડેલી કોઈપણ સંપૂર્ણ રકમ, અથવા

(૨) કોઈ ચડેલ બૉનસ સહિત વીમો ઉતરાવેલી રકમ જેટલી રકમ, એ બેમાંથી જે ઓછી હોય તે રકમ, અને આમ કરવામાં કસૂર થતાં, જેમાં નિયમ ૧૬ ના ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ ફંડમાથી અટકાવેલી અથવા ફંડમાંથી ઉપાડેલી રકમ જે હેતુઓ માટે રકમ અટકાવવાની અથવા ઉપાડવાની મંજૂરી આપવામાં આવી હોય તે સિવાયના હેતુઓ માટે વાપરવામાં આવી હોય તેવા કેસોની બાબતમાં લાગુ પડે છે તે રીતે નિયમ ૨૭ની જોગવાઈઓ લાગુ પડશે.

૨૪. બચતદાર કોઈ કારણસર કુટુંબ પેન્શન ફંડમાં પૂર્ણત: અથવા અંશત: હિત ધરાવતો બંધ થઇ જાય તો તેણે કુટુંબ પેન્શન ફંડમાંથી મેળવેલી રિફંડની રકમ તેના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તરત ભરી દેવી, આવી ભરપાઈ કરવામાં કસૂર થયે, નિયમ ૧૪ના પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) હેઠળ જે મંજૂર કરવા માટે ખાસ કારણો જરૂરી બને તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ફરમાવે તે રીતે હપ્તાથી અથવા અન્યથા, બચતદારના મળતરમાંથી તે રકમની કપાત કરવામાં આવશે.

૨૫. પૉલિસી રદ થાય અથવા નિયમ ૨૦ હેઠળ મુંબઈના રાજ્યપાલ સિવાય અન્ય વ્યક્તિને એસાઈન કરવામાં આવે, અથવા તેના પર ભારણ કે બોજો ઊભો કરવામાં આવે, તો પૉલિસી એસાઈન કરી સોંપવાની ચૂકની બાબતમાં લાગુ પડતી નિયમ ૨૦ના પેટા-નિયમ (૪) ની જોગવાઈઓ લાગુ પડશે.

૨૬. હિસાબ અધિકારીને.....

(ક) (નિયમ ૨૦ હેઠળ મુંબઈના રાજ્યપાલને કરાતી એસાઈનમેન્ટ સિવાયની) એસાઈનમેન્ટની નોટિસ, અથવા

(ખ) ભારણ કે બોજો ઊભો કર્યાની નોટિસ, અથવા

(ગ) પૉલિસી અંગેની અથવા તેના આધારે મેળવેલી કોઈપણ રકમની લેવડદેવડને રોકતા કોર્ટના હુકમની નોટિસ, મળે તો હિસાબ અધિકારીએ-

(૧) નિયમ ૨૨માં જોગવાઈ કર્યા પ્રમાણે પૉલિસી ફરીથી એસાઈન કરવી કે સોંપવી નહિ, અથવા

(૨) નિયમ ૨૩માં જોગવાઈ કર્યા પ્રમાણે વીમા પૉલિસીની રકમ વસૂલ લેવી નહિ કે પૉલિસી ફરીથી એસાઈન કરવી કે સોંપવી નહિ, પણ તરત સરકારને પૂછાણ કરવું.

---

* નાણાં વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક ૪૩-પી એફ આર-૨૪૭૧-૯૬૨-સીએચ થી કમી કરેલ છે.

(૨૭) આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, મંજૂર કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે નિયમ ૧૪ના ખંડ (૧) હેઠળ ફંડમાંથી પેશગી તરીકે લીધેલાં અથવા નિયમ ૧૬ ના ખંડ (ક) અથવા (ખ) હેઠળ ફંડમાંથી અટકાવેલાં અથવા ઉપાડેલાં નાણાં જે હેતુઓ માટે નાણાં લેવાની, અટકાવવાની અથવા ઉપાડવાની મંજૂરી આપી હતી તે સિવાયના હેતુઓ માટે વાપરવામાં આવ્યાં છે, તો સદરહુ રકમ * [ * * * ] બચતદારે ફંડમાં તરત, યથાપ્રસંગ, ભરપાઈ કરવી અથવા ચૂકવી દેવી પડશે અથવા એમ કરવામાં ચૂક થાય તો, તે રજા પર હશે તો પણ બચતદારના મળતરમાંથી એક સામટી રકમની કપાત દ્વારા તે વસૂલ કરવાનો હુકમ આપવામાં આવશે. ભરપાઈ કરવાની કે ચૂકવવાની કુલ રકમ બચતદારના મળતરની અડધી રકમ કરતાં વધારે હોય, તો વસૂલ કરવાની પૂરી રકમ તે ભરપાઈ કરે અથવા ચૂકવે ત્યાં સુધી તેના મળતરના અડધા ભાગના માસિક હપ્તાઓથી તે વસૂલ કરવામાં આવશે.

નોંધ:- આ નિયમમાં વપરાયેલ "મળતર" શબ્દમાં નિર્વાહ ગ્રાન્ટનો સમાવેશ થતો નથી.

(૨૭-ક.) ચાલુ પોલિસીઓ અંગે ચાલુ બચતદારોને પોલિસીઓ માટે નાણાં પૂરાં પાડવાને લગતી જોગવાઈઓની મર્યાદાઓ.- નિયમો ૧૬ થી ૨૭ ની જોગવાઈઓ, જેમણે આ નિયમ બહાર પડયાની તારીખ પહેલાં ઓછામાં ઓછી એક વખત ફંડમાંથી ઉપાડ કર્યો હોય અને જેઓ ફંડમાં ભરવાના ફાળાની અવેજીમાં પોલિસીઓ પેટે પૂર્ણત: કે અંશત: ચુકવણીઓ કરતા હોય અથવા આવી ચુકવણીઓ માટે ફંડમાંથી ઉપાડ કરતા હોય તેવા બચતદારોને જ લાગુ પડશે:

પરંતુ આવા બચતદારોને કોઈપણ નવી પોલિસીની બાબતમાં ફંડમાં ભરવાના થતા ફાળાની અવેજીરૂપે આવી ચુકવણીઓ કરવાની અથવા આવી ચુકવણી કરવા ફંડમાંથી ઉપાડ કરવાની છૂટ આપી શકાશે નહિ. પરંતુ સદરહુ જાહેરનામાની તારીખ પછી અને અનેક કચેરીઓને સુધારેલા નિયમો મળે તે પહેલાં નવી પોલિસી માટે પ્રથમ ઉપાડ કરવામાં આવ્યો હોય તેવા કેસમાં, નિયમો હળવા કરીને ખાસ કેસ તરીકે છૂટછાટ આપી શકાય.

(૨૭-ખ.) જેના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી પોલિસીનાં નાણાં ભરવામાં આવતાં હોય એવો બચતદાર મૃત્યુ પામે અને તેના મૃત્યુની તારીખથી બે વર્ષ પૂરાં થાય ત્યાં સુધી તેનો કાયદેસર વારસ અથવા દાવો રજૂ કરનાર તે રકમ અંગે કોઈ દાવો રજૂ ન કરે તો હિસાબ અધિકારી, બચતદારે છેલ્લે નોકરી કરી હોય તે સ્થળે કે તેનું મૃત્યું થયું હોય તે સ્થળે સારો ફેલાવો ધરાવતા અગ્રગણ્ય દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નોટિસ આપી બચતદારના કોઈ કાયદેસર વારસ અથવા દાવો રજૂ કરનાર હોય તો તેમને સદરહુ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ મહિનાના ગાળાની અંદર પોતાનો દાવો રજૂ કરવા જણાવશે. સદરહુ મુદતની અંદર કોઈ દાવો કરવામાં ન આવે, તો હિસાબ અધિકારી પોલિસીની ઉપજેલી રકમ વસૂલ કરી મૃત્યુ પામેલ બચતદારના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં જમા કરશે. આ રીતે જમા કરેલી રકમનો તે પછીનો નિકાલ નિયમો અનુસાર કરવામાં આવશે.

## ફંડમાં જમા થયેલી રકમની આખરી ઉપાડ

૨૮. બચતદાર નોકરી છોડી જાય, ત્યારે ફંડમાં તેના ખાતે જમા હોય તે રકમ તેને ચૂકવવા જોગ થશે:

પરંતુ નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો હોય અને ત્યાર પછી નોકરીમાં ફરીથી લેવામાં આવ્યો હોય તેવા બચતદારે, સરકાર તેને તેમ કરવા ફરમાવે તો, આ નિયમ અનુસાર ફંડમાંથી તેને આપવામાં આવેલી કોઈ રકમ, નિયમ ૧૩માં, ઠરાવેલા દરે, તે ઉપરના વ્યાજ સહિત, નિયમ ૨૯ ના પરંતુકમાં ઠરાવેલી રીતે ભરપાઈ કરવી પડશે. આ રીતે ભરપાઈ કરવામાં આવેલી રકમ ફંડમાં તેના ખાતામાં જમા કરવામાં આવશે.

+ [વધુમાં, હંગામી જગા ધરાવતો બચતદાર તેની નિમણૂકની સમાપ્તિ થયેથી રકમ ઉપાડી શકશે અથવા તે કાયમ માટે નોકરી છોડે ત્યારે કોઈપણ સમયે ઉપાડવા માટે ફંડમાં રાખી શકશે].

સ્પષ્ટીકરણ ૧.- જને નકારેલી રજા મંજૂર કરવામાં આવી હોય તેવા બચતદારે ફરજિયાત નિવૃત્તિની તારીખે અથવા નોકરીની લંબાવેલી મુદત પૂરી થાય તે તારીખે નોકરી છોડી હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.- કરારથી નિમાયેલ અથવા નોકરીમાંથી નિવૃત્તિ થયા પછી નોકરીમાં તૂટ સાથે કે તૂટ સિવાય ફરીથી નોકરીમાં રખાયેલ બચતદાર સિવાયના બચતદારની નોકરીમાં કોઈપણ તૂટ સિવાય બીજી રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અથવા (જ્યાં તેને બીજા પ્રોવિડન્ટ ફંડના નિયમો લાગુ પડતા હોય તેવા) રાજ્ય સરકારના બીજા ખાતામાં નવી જગા ઉપર, તેની અગાઉની જગા સાથે કોઈપણ સંબંધ ચાલુ રાખ્યા સિવાય, બદલી કરવામાં આવી હોય તો તે તેની નોકરી છોડી જાય છે તેમ ગણવું નહિ. આવા કિસ્સામાં વ્યાજ સહિત તેના ફાળાની રકમ નીચે મુજબ તબદીલ કરવી-

(ક) નવી જગા રાજ્ય સરકારના બીજા ખાતામાં હોય તો બીજા પ્રોવિડન્ટ ફંડના નિયમો અનુસાર તે (બીજા) પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે, અથવા

(ખ) નવી જગા બીજી સરકાર અથવા કેન્દ્ર સરકાર, હેઠળ હોય અને તે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા ફાળાની અને વ્યાજની આવી તબદીલીને સંમતિ આપે, તો સંબંધિત બીજી રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર હેઠળ નવા ખાતે.

સ્પષ્ટીકરણ ૩.- કરારથી નીમવામાં આવ્યો હોય અથવા નોકરીમાંથી નિવૃત્ત થયો હોય અને પાછળથી ફરી નોકરીમાં લેવામાં આવ્યો હોય તે સિવાયના બચતદારની બદલી નોકરીમાં કોઈપણ તૂટ વિના રાજ્ય સરકાર અથવા બીજી કોઈપણ સરકારની માલિકી અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળની અથવા મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ નોંધાયેલા કોઈ સ્વાયત્ત સંગઠન હેઠળની નોકરીમાં કરવામાં આવી હોય, તો ફાળાની રકમ તેમજ તે ઉપરનું વ્યાજ તેને ચૂકવવામાં આવશે નહિ પરંતુ તેવા મંડળની સંમતિથી તે મંડળ હેઠળના તેના નવા પ્રોવિડન્ટ ફંડ ખાતામાં તબદીલ કરવામાં આવશે.

---

+ નાણાં વિભાગના, તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૪૩-પી એફ આર-૨૪૭૧-૯૧૨-[illegible] થી દાખલ કરેલ છે.

નોંધ ૧.- નોકરીમાં કોઈપણ તૂટ વિના અને રાજ્ય સરકારની યોગ્ય પરવાનગીથી કેન્દ્ર સરકાર કે બીજી રાજ્ય સરકાર હેઠળ કે (જ્યાં બચતદારને બીજા પ્રોવિડન્ટ ફંડ નિયમો લાગુ પડતા હોય તેવા) રાજ્ય સરકારના બીજા ખાતામાં નિમણૂક મેળવવા માટે નોકરીમાંથી રાજીનામું આપ્યું હોય તેવા કિસ્સાઓનો બદલીઓમાં સમાવેશ થાય છે એમ ગણવું. નોકરીમાં નજીવી તૂટ હોય તેવા કિસ્સાઓમાં તે તૂટ, બીજા સ્થળે બદલી થતાં આપવામાં આવતા હાજર થવાના સમય પૂરતી જ મર્યાદિત હોવી જોઈએ.

છટણી બાદ તરત તે જ અથવા જુદી સરકાર હેઠળની નિમણૂકના કિસ્સાઓમાં આ લાગુ પડશે.

નોંધ ૨.- આ સ્પષ્ટીકરણ પૂરતું નોકરીમાં કોઈપણ તૂટ વિના અને રાજ્ય સરકારની યોગ્ય પરવાનગીથી રાજ્ય સરકાર અથવા બીજી કોઈપણ સરકારની માલિકી અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળમાં અથવા મંડળી નોંધણી અધિનિયમ. ૧૮૬૦ હેઠળ નોંધાયેલા કોઈપણ સ્વાયત્ત સંગઠન હેઠળ નિમણૂક મેળવવા નોકરીમાંથી રાજીનામું આપનાર બચતદારની બદલી થયેલી ગણવામાં આવશે:

પરંતુ નવી નિમણૂક પર હાજર થવા માટે લીધેલો સમય, એક જગા પરથી બીજી જગા પર બદલી થતાં સરકારી કર્મચારીને મળવાપાત્ર હાજર થવાના સમય કરતાં વધુ નહિ હોય તો તેને નોકરીમાં તૂટ તરીકે ગણવામાં આવશે નહિ.

+ [ નોંધ-૩. આ સ્પષ્ટીકરણ હેઠળ આવરી લેવાયેલ કિસ્સાઓના પ્રકારમાં વ્યાજ, સંબંધિત સરકારી કર્મચારીએ જાણે કે નોકરી છોડી દીધી હોય તેમ નિયમ ૧૩ના પેટા-નિયમ (૪) ની જોગવાઈઓ અનુસાર લેવા દેવામાં આવશે: ]

૨૯. જ્યારે બચતદાર-

(ક) નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યો હોય અથવા વેકેશનનો લાભ મળતો હોય તેવા ખાતામાં નોકરી કરતો હોય તો, વેકેશન સાથે જોડેલી નિવૃત્તિ પૂર્વેની રજા પર ઉતર્યો હોય, અથવા

(ખ) રજા પર હોય તે દરમિયાન તેને નિવૃત્ત થવાની છૂટ આપવામાં આવી હોય અથવા સત્તા ધરાવતા તબીબી અધિકારીએ વધુ નોકરી માટે તેને અયોગ્ય જાહેર કર્યો હોય,

તો ફંડમાં તેને ખાતે જમા હોય તે રકમ, આ અંગે તે હિસાબ અધિકારીને અરજી કરે તો તેને ચૂકવવાજોગ થશે:

પરંતુ બચતદાર ફરજ પર પાછો હાજર થાય તો % [સરકાર અન્યથા ફરમાવે તે સિવાય] તેના ખાતે ફંડમાં જમા કરવા માટે આ નિયમ અનુસાર ફંડમાથી તેને આપેલી રકમ * [ * * *] નિયમ ૧૩માં દર્શાવેલા દરે તે ઉપરના વ્યાજ સહિત, નિયમ ૧૪ના.

+ નાણાં વિભાગના તા. ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૪૬-પીએફ આર-૧૦૮૩-૪૫૭-સી એચથી દાખલ કરેલ છે.

% નાણાં વિભાગના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૩૫-પી એફ આર-૨૪૭૦-૨૮૧૨-સીએચ થી મૂકેલ છે.

* નાણાં વિભાગના તા. ૧૯મી નવેમ્બર, ૧૯૭૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૨૧૨-પી એફ આર-૨૪૭૦-૫૦૨ સી એચ થી કમી કરેલ છે.

પેટા-નિયમ (૧) ના ખંડ (ગ) હેઠળ, જે મંજૂર કરવા માટે ખાસ કારણો જરૂરી બને તેવી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી ફરમાવે તે પ્રમાણે રોકડેથી અથવા જામીનગીરીઓમાં અથવા અંશતઃ રોકડેથી અને અંશતઃ જામીનગીરીઓમાં હપ્તાઓથી અથવા બીજી રીતે, તેના માળતરમાં વસૂલ કરીને અથવા બીજી કોઈ રીતે ફંડમાં ભરપાઈ કરવી પડશે.

(૩૦) તેના ખાતે જમા રહેતી રકમ ચૂકવવાને પાત્ર થાય તે પહેલાં અથવા રકમ ચૂકવવા જોગ થઈ હોય પરંતુ તેની ચુકવણી થાય તે પહેલાં બચતદારનું મૃત્યુ થાય તેવા પ્રસંગઃ-

(૧) બચતદારનું કુટુંબ હયાત હોય તો-

(ક) નિયમ ૭ની અથવા આ અગાઉ અમલમાં હોય તેવા તેને અનુરૂપ નિયમની જોગવાઈઓ અનુસાર બચતદારે તેના કુટુંબના સભ્ય અથવા સભ્યોની તરફેણમાં કરેલી નિયુકિત અમલમાં હોય, તો જેને માટે નિયુકિત થઈ હોય તેવી ફંડમાં તેના ખાતે જમા નીકળતી રકમ અથવા તેનો ભાગ નિયુકિતપત્રમાં દર્શાવેલા પ્રમાણમાં, તેના નિયુકત કે નિયુકતોને ચૂકવવાપાત્ર થશે;

(ખ) બચતદારના કુટુંબના સભ્ય અથવા સભ્યોની તરફેણમાં આવી કોઈ નિયુકિત અમલમાં ન હોય અથવા આવી નિયુકિત ફંડમાં તેના ખાતે જમા થયેલી રકમના કોઈ ભાગ પૂરતી જ હોય, તો નિયુકિતપત્રમાં જેનો ઉલ્લેખ ન હોય તે આખી રકમ અથવા તેનો ભાગ તેના કુટુંબના સભ્ય અથવા સભ્યો સિવાયની બીજી કોઈ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં હોવાનો ઈરાદો ધરાવતી કોઈ નિયુકિત હોય તો પણ, તેના કુટુંબના સભ્યોને સરખા હિસ્સે ચૂકવવાપાત્ર થશેઃ

પરંતુ નીચેના ખંડો (૧), (૨), (૩), અને (૪) માં દર્શાવેલ કુટુંબના સભ્યો સિવાયનો કુટુંબનો કોઈ સભ્ય હયાત હોય તો-

(૧) કાયદેસર પુખ્તવયે પહોંચેલા પુત્રોને;

(૨) મરહૂમ પુત્રના કાયદેસર પુખ્તવયે પહોંચેલા પુત્રોને;

(૩) જેમના પતિ હયાત હોય તેવી પરિણીત પુત્રીઓને;

(૪) જેમના પતિ હયાત હોય તેવી મરહૂમ પુત્રની પરિણીત પુત્રીઓને, કોઈપણ હિસ્સો આપવાપાત્ર થશે નહિઃ

વધુમાં જો તે મરહૂમ પુત્ર બચતદારના મરણ પછી હયાત હોય અને પહેલા પરંતુકના ખંડ (૧) ની જોગવાઈઓમાંથી તેને મુકિત આપવામાં આવી હોત તો જે ભાગ તેને મળ્યો હોત તે જ ભાગ એ મરહૂમ પુત્રની વિધવા અથવા વિધવાઓ અને બાળક કે બાળકો વચ્ચે સરખા ભાગે વહેંચાશે.

(૨) બચતદારના મૃત્યુ બાદ તેનું કોઈ કુટુંબીજન હયાત ન હોય અને નિયમ ૭ ની અથવા આ અગાઉ અમલમાં હોય તેવા તેને અનુરૂપ નિયમની જોગવાઈઓ અનુસાર કોઈ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં તેણે કરેલ નિયુકિત અમલમાં હોય, તો નિયુકિત જેને લગતી હોય તેવી ફંડમાં તેના ખાતે જમા થયેલી રકમ અથવા તેનો ભાગ, તેના નિયુકત અથવા નિયુકતોને, નિયુકિતપત્રમાં દર્શાવેલા પ્રમાણમાં ચૂકવવાપાત્ર થશે.

+ ૩૦-ક અનામત-સહ વીમા યોજના.- બચતદારનું મૃત્યુ થયે, બચતદારના ખાતે જમા હોય તે રકમ મેળવવા હકદાર વ્યકિતને હિસાબ અધિકારીએ નીચેની શરતોને અધીન રહીને, તેવા બચતદારના મૃત્યુની તરત જ અગાઉના ત્રણ વર્ષ દરમિયાન, ખાતામાંની સરેરાશ સિલક જેટલી વધારાની રકમ આપવી જોઈશે:-

(ક) આવા બચતદારના ખાતે જમા સિલક, મૃત્યુના મહિના પહેલાંનાં ત્રણ વર્ષ દરમિયાન કોઈપણ સમયે, નીચેની મર્યાદા કરતા ઓછી થવી જોઈશે નહિ:-

(૧) મૃત્યુ સમયે, વર્ગ-૧ની જગા ધરાવતા બચતદારના કિસ્સામાં રૂા. ૫૦૦૦/-;

(૨) મૃત્યુ સમયે, વર્ગ-૨ની જગા ધરાવતા બચતદારના કિસ્સામાં રૂા. ૩૦૦૦/-;

(૩) મૃત્યુ સમયે વર્ગ-૩ની જગા ધરાવતા બચતદારના કિસ્સામાં રૂા. ૧૫૦૦/-;

(૪) મૃત્યુ સમયે વર્ગ-૪ની જગા ધરાવતા બચતદારના કિસ્સામાં રૂા. ૧૦૦૦/-;

(ખ) આ નિયમ હેઠળ આપવાપાત્ર વધારાની રકમ રૂા. ૧૦,૦૦૦ કરતાં વધવી જોઈએ નહિ;

(ગ) બચતદારે, તેના મૃત્યુ સમયે ઓછામાં ઓછી, પાંચ વર્ષની નોકરી કરી હોવી જોઈએ.

નોંધ ૧.- જે મહિનામાં મૃત્યુ થાય, તે મહિનાની અગાઉના દરેક ૩૬ મહિનાને અંતે બચતદારના ખાતે જમા સિલકના ધોરણે, સરેરાશ સિલકની ગણત્રી કરવામાં આવશે. આ હેતુ માટે, તેમજ ઠરાવેલ ઓછામાં ઓછી સિલક તપાસવા માટે પણ-

(ક) માર્ચ મહિનાની આખરે રહેલી સિલકમાં નિયમ ૧૩ની શરતો પ્રમાણે જમા થયેલ, વાર્ષિક વ્યાજનો સમાવેશ થશે, અને

(ખ) ઉપર્યુકત ૩૬ મહિનાનો છેલ્લો મહિનો માર્ચ મહિનો ન હોય તો સદરહુ છેલ્લા મહિનાની આખરે રહેલી સિલકમાં, જેમાં મૃત્યુ થયું હોય તેવા નાણાકીય વર્ષના આરંભથી, સદરહુ છેલ્લા મહિનાના અંત સુધીની મુદત અંગેના વ્યાજનો સમાવેશ થશે.

નોંધ ૨.- આ યોજના હેઠળની ચુકવણી પૂરા રૂપિયામાં કરવી જોઈશે. લેણી રકમમાં, રૂપિયાના ભાગનો સમાવેશ થતો હોય તો, તે નજીકના રૂપિયામાં ગણવી જોઈશે. (૫૦ પૈસાને પૂરા રૂપિયા તરીકે ગણવા જોઈશે,

---

+ નાણાં વિભાગના તા. ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન. એન. ૪૬-પી એફ આર-૧૦૮૩/૪૫૭ સી એચ થી દાખલ કરેલ છે.

નોંધ ૩.- આ યોજના હેઠળ ચૂકવવાપાત્ર કોઈપણ રકમ, વીમાના નાણાંના સ્વરૂપમાં હોવી જોઈએ. પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫(સન ૧૯૨૫ના ૧૯મા અધિનિયમ) ની કલમ ૩ થી આપેલું કાનૂની રક્ષણ આ યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમોને લાગુ પડતું નથી.

નોંધ ૪.- આ યોજના હેઠળની ચુકવણી માટે રૂા. ૧૦,૦૦૦ ની અધિકતમ મર્યાદાનું નિયંત્રણ ખરેખરી સિલક નક્કી કર્યા પછી આખરી તબક્કે લાગુ પાડવામાં આવશે:]

૩૧. (૧) ફંડમાં બચતદારને ખાતે જમા રહેલી રકમ ચૂકવવાપાત્ર થાય, ત્યારે પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ ની કલમ ૪માં જોગવાઈ કર્યા પ્રમાણે તેની ચુકવણી કરવી એ હિસાબ અધિકારીની ફરજ રહેશે.

* [ (૨) આ નિયમો હેઠળ જેને કંઈ રકમ કે પોલિસી ચૂકવવાની, એસાઈન કરવાની, ફરીથી એસાઈન કરવાની અથવા સોંપવાની હોય, તે વ્યકિત પાગલ હોય તો, ચુકવણી અથવા ફરીથી એસાઈનમેન્ટ અથવા સોંપણી-

(૧) ભારત પાગલપણ અધિનિયમ, ૧૯૧૨ હેઠળ નીમેલા પાગલની મિલકતના મેનેજરને કરવી જોઈશે, અને

(૨) સદરહુ અધિનિયમની કલમ ૯૫ ની જોગવાઈઓ અનુસાર, મેનેજરની નિમણૂક ન કરી હોય તો, યથાપ્રસંગ, આવી ચુકવણી, ફરીથી એસાઈન કરવાને અથવા સોંપવાને જોઈતા ફેરફારો સાથે આ જોગવાઈઓ લાગુ પડશે:]

+ [ (૩)ઉપાડેલી રકમોની ચુકવણી ભારતમાં જ કરવામાં આવશે. જેને રકમો ચૂકવવાપાત્ર થતી હોય તે વ્યકિતઓએ ભારતમાં નાણાં મેળવવા માટે જાતે વ્યવસ્થા કરવી પડશે. બચતદારે માગેલી રકમોની ચુકવણી માટે, નીચેની કાર્યરીતિ અનુસરવી જોઈશે:-

(૧) બચતદાર, નિવૃત્તિની તારીખની ઓછામાં ઓછું એક વર્ષ અગાઉ ફંડમાંની રકમની ચુકવણી માટે કચેરી અથવા ખાતાના વડા દ્વારા હિસાબ અધિકારીને અરજી કરી શકશે. તેની નિવૃત્તિ અગાઉના એક વર્ષની આખરે વર્ષ માટે હિસાબપત્રકમાં દર્શાવેલા ફંડમાં તેના ખાતે જમા રકમ માટે અથવા હિસાબ પત્રક મળ્યું ન હોય તે કિસ્સામાં તેના ખાતાવહીના હિસાબમાં દર્શાવેલ રકમ માટે અરજી કરી શકાશે.

(૨) યથાપ્રસંગ, કચેરીના વડા અથવા ખાતાએ, બચતદારે, લીધેલ પેશગી અને આવી પેશગી અંગે કરવાની વસૂલાતો અને આવી દરેક પેશગી સંબંધમાં વસૂલ કરવાના બાકી હપ્તાઓની સંખ્યા દર્શાવીને અને બચતદારે કરેલ ઉપાડ કોઈ હોય તો, તે પણ દર્શાવીને, અરજી હિસાબ અધિકારીને મોકલવી જોઈશે.

---

* નાણાં વિભાગના તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૭૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૧૬-પીએફ આર-૨૪૭૦-૨૨૨૧-સી એચથી મૂકેલ છે.

+ નાણાં વિભાગના તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૨૪૫-પીએફઆર-૨૦૭૨-૩૬-સીએચથી મૂકેલ છે.

(૩) હિસાબ અધિકારીએ ખાતાવહીના હિસાબ સાથે ખરાઈ કર્યા પછી, નિવૃત્તિની તારીખે ચૂકવવાપાત્ર થાય તેમ નિવૃત્તિની તારીખથી ઓછામાં ઓછું એક મહિનો અગાઉ અરજીમાં દર્શાવેલી રકમ માટે અધિકારપત્ર કાઢી આપવો જોઈશે.

(૪) ખંડ (૩) હેઠળ આપેલ અધિકારપત્રથી ચુકવણીનો પહેલો હપ્તો નક્કી કરવો જોઈશે. ખંડ (૧) હેઠળ અરજી કર્યા પછી અને અરજી કરવાના સમયે ચાલુ પેશગીઓના હપ્તાના રિફંડ પછી બચતદારે આપેલા ઉમેરા ફાળાના સંબંધમાં, ચુકવણી માટેનો બીજો અધિકારપત્ર નિવૃત્તિ પછી, શકય તેટલો જલ્દી કાઢી આપવો જોઈશે.

(૫) આખરી ચુકવણી માટેની અરજી હિસાબ અધિકારીને મોકલ્યા પછી. મંજૂર થયેલ પેશગી અથવા ઉપાડની હિસાબ અધિકારીને તરતજ જાણ કરવી જોઈશે અને મંજૂર કરતા સત્તાધિકારીની પહોંચ મેળવવી જોઈશે. ]

+ [ (૪) પેટા-નિયમ (૩) માં જણાવેલી કાર્યરીતિ અથવા પેટા-નિયમ (૫) માં જણાવેલી કાર્યરીતિ અનુસાર નિવૃત્તિ સમયે, ફંડની સિલકની આખરી ચુકવણી અંગેના દાવા માટે, બચતદારને વિકલ્પ આપવો જોઈશે.

(૫) નિવૃત્તિની તારીખના છેલ્લા છ મહિના દરમિયાન, બચતદારને, ફંડમાં ફાળો ભરવો કે નહિ તે અંગે વિકલ્પ લેવા દેવો જોઈશે. આ હેતુ માટે નીચેની કાર્યરીતિ સ્વીકારવી જોઈશે :-

(૧) તમામ ઉપાડ અધિકારીએ ખાતરી કરવી કે આખરી ચુકવણી માટેની અરજીઓ બચતદારની નિવૃત્તિની તારીખથી ચાર મહિના અગાઉ હિસાબ અધિકારીને પહોંચી છે.

(૨) જે બચતદાર નિવૃત્તિની તારીખના છેલ્લા છ મહિના દરમિયાન ફંડમાં ફાળો ભરવાનું બંધ કરવા ઈચ્છતો હોય તે બચતદારે, ફાળો ભરવાનું બંધ કરવાના તેના ઈરાદાની નિવૃત્તિની તારીખના આઠ મહિના અગાઉ, ઉપાડ અધિકારીને જાણ કરવી જોઈશે. ઉપાડ અધિકારીએ, આ હકીકત તેના ક્રમ પ્રમાણે હિસાબ અધિકારીને જણાવવી જોઈશે. આવા બચતદારના જનરલ પ્રોવિડન્ટ ફંડ અનુસૂચિમાં, બચતદારે ફાળો ભરવાનું જ્યારે બંધ કર્યું હોય તે તારીખ જણાવીને તેણે ફાળો ભરવાનુ બંધ કર્યું છે તે દર્શાવીને, છેલ્લી કપાતની માસિક અનુસૂચિમાં યોગ્ય નોંધ કરવી જોઈશે.

(૩) આખરી ચુકવણી માટેની અરજી એકવાર હિસાબ અધિકારીને સાદર કરવામાં આવે તે પછી ફંડમાંથી ઉપાડ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૪) આખરી ચુકવણી માટેની અરજી મળ્યેથી, હિસાબ અધિકારીએ નિવૃત્તિની તારીખે ચૂકવવાપાત્ર હોય તેમ, બચતદાર ખરેખર નોકરી છોડે તે પહેલાં ઉપાડ અધિકારીને પહોંચે તે રીતે આખરી ચુકવણી માટેનો અધિકારપત્ર કાઢવો જોઈશે.

+ નાણાં વિભાગના તા. ૧૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૪૮-પી એફ આર-૧૦૮૩-૪૫૭-સીએચથી દાખલ કરેલ છે.

નોંધ ૧.- બચતદારના ખાતે જમા રહેલી રકમ, નિયમો, ૨૮, ૨૯ અથવા ૩૦ હેઠળ આપવાપાત્ર થાય ત્યારે, હિસાબ અધિકારીએ કેસમાં યોગ્ય લાગે તે પ્રમાણે પેટા-નિયમ (૩) અથવા પેટા-નિયમ (૫) માં દર્શાવેલી રીતે રકમની તાત્કાલિક ચુકવણી અધિકૃત કરવી જોઈશે.

નોંધ ૨.- આખરી ચુકવણી માટેની અરજીઓ સંજોગો પ્રમાણે યોગ્ય હોય તેમ નવમી અનુસૂચિમાં આપેલા નમૂના પૈકી એકમાં કરવી. તેમજ તેમાં ભરેલું ચેકલીસ્ટ તેની સાથે હોવું જોઈએ અને દરેક આખરી ચુકવણીના કેસ સાથે જોડવું જોઈશે.

નોંધ ૩.- ફંડની સિલકની આખરી ચુકવણીમાંનો વિલંબ ટાળવા અને ઘટાડવા માટે, તમામ વહીવટી ખાતાએ અને ખાતાના વડાએ, નાણાંકીય વર્ષ દરમિયાન નિવૃત્ત થતા બચતદારની એકત્રિત યાદી તૈયાર કરવી જોઈશે અને મોડામાં મોડું અગાઉના વર્ષના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખે તેને મળે તે રીતે હિસાબ અધિકારીને આ યાદી પહોંચાડવી જોઈશે. આવી યાદી મોકલતી વેળા, તે સ્પષ્ટપણે દર્શાવાય તે ખરેખર જરૂરી છે;

(૧) બચતદારોનાં નામ,

(૨) તમામ શબ્દી સાથે, આવા દરેક બચતદારને હિસાબ અધિકારીએ ફાળવેલો ખાતા નંબર,

(૩) ઉપાડ અને વહેંચણી અધિકારીના સ્પષ્ટ ટપાલના સરનામા સાથે, બચતદાર, હાલ કામ કરતો હોય તે કચેરી, અને

(૪) પ્રાપ્ય હોય તો, તેની નિવૃત્તિ પછી બચતદારનું નિવાસસ્થાનનું રહેઠાણનું સરનામું. ]

૩૨ (ક) વર્ધિત પ્રોવિડન્ટ ફંડ ન હોય તેવા બીજા કોઈ સરકારી પ્રોવિડન્ટ ફંડના બચતદાર સરકારી કર્મચારીની મુંબઈ સરકાર હેઠળની પેન્શનપાત્ર સેવામાં કાયમી બદલી થાય, તો બદલીની તારીખે આવા બીજા ફંડમાં તેના ખાતે જમા હોય તે ફાળાની રકમ, તે પરના વ્યાજ સહિત સંબંધિત બીજી સરકારના સંમતિથી ફંડમાં તેના ખાતે તબદીલ કરવી.

(ખ) કોઈ વર્ધિત પ્રોવિડન્ટ ફંડના બચતદાર સરકારી કર્મચારીની મુંબઈ સરકાર હેઠળની પેન્શનપાત્ર સેવામાં કાયમી બદલી થાય અને તે આવી પેન્શનપાત્ર સેવા અંગે પેન્શન મેળવવાનું પસંદ કરે અથવા પેન્શન મેળવવાનું તેને ફરમાવવામાં આવે તો-

(૧) બદલીની તારીખે આવા વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે જમા ફાળાની રકમ તે ઉપરના વ્યાજ સહિત, અન્ય સરકારની સંમતિથી કોઈ હોય તો તે, ફંડમાં તેના ખાતે તબદીલ કરવી જોઈશે.

(૨) આવા વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે જમા સરકારી ઉમેરા ફાળાની રકમ, તે પરના વ્યાજ સાથે અન્ય સરકારની સંમતિથી જો કોઈ હોય તો તે, સરકારમાં પાછી ભરી દેવી અને રાજ્ય મહેસૂલ ખાતે જમા કરવી જોઈશે, અને

(૩) તે પરથી તે, સંગત પેન્શન નિયમો હેઠળ મળવાપાત્ર હોય તેટલી, કાયમી બદલીની તારીખ પહેલાં કરેલી નોકરી પેન્શન પેટે ગણાવા માટે હકદાર થશે.

નોંધ- જે બચતદાર કેન્દ્ર અથવા રાજ્ય સરકારની નોકરીમાંથી અથવા સરકારી ખાતામાંથી નિવૃત્ત થાય અને નોકરીમાં તૂટ સિવાય પાછળથી ફરીથી નોકરીમાં રાખવામાં આવેલ હોય તે બચતદારને અથવા જે કારણથી અગાઉની નિમણૂક ધરાવતો હોય તે બચતદારને આ નિયમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

૩૨ ક. ફંડ માં બચતદારને વર્ધિત પ્રોવિડન્ડ ફંડ (મુંબઈ) નો લાભ આપવા પાછળથી દાખલ કરવામાં આવે તો, તેના ફાળાની રકમ, તે પરના વ્યાજ સાથે, વર્ધિત પ્રોવિડન્ટ ફંડ (મુંબઈ) માં તેના ખાતે જમા રકમમાં તબદીલ કરવી જોઈશે.

+ [ પરંતુ જે બચતદારને તેના અને રાજ્ય સરકાર વચ્ચેના સંબંધોના પરિણામે નીમવામાં આવ્યો હોય તેમજ નોકરીમાંથી નિવૃત્ત થયા પછી, જેનાથી વર્ધિત પ્રોવિડન્ટ ફંડના લાભો મળતા હોય તેવી બોલીઓ અને શરતોએ બીજી જગા પર નોકરીમાં તૂટ સાથે અથવા તે સિવાય ફરીથી નીમવામાં આવ્યો હોય તે બચતદારને, આ નિયમનો કોઈ મજકૂર લાગુ પડશે નહિ].

૩૨.કક આ ફંડનો જેને લાભ અપવામાં આવ્યો હોય એવો સરકારી કર્મચારી અગાઉ રાજ્ય સરકાર અથવા બીજી કોઈપણ સરકારની માલિકી અથવા તેના નિયંત્રણ હેઠળના સંસ્થાપિત મંડળના અથવા મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ તેના નોંધાયેલા કોઈ સ્વાયત્ત સંગઠન હેઠળના કોઈ પ્રોવિડન્ટ ફંડનો બચતદાર હોય, તો તેના ફાળાની અને તેને નોકરીમાં રાખનારનો કોઈ ઉમેરા ફાળો હોય તો તેની રકમ, તે ઉપરના વ્યાજ સહિત, આવા મંડળની સંમતિથી ફંડમાં તેના ખાતે તબદીલ કરવી.

નોંધ-૧. જેની નિમણૂક કરારની રૂએ કરવામાં આવી હોય અથવા જે નોકરીમાંથી નિવૃત્ત થયા હોય અને પાછળથી નોકરીની તૂટ સાથે કે તૂટ વિના વર્ધિત પ્રોવિડન્ટ ફંડના લાભ ધરાવતી બીજી જગાએ ફરીથી નોકરીએ રહયાં હોય તેવા બચતદારને આ નિયમની જોગવાઈઓ લાગુ પડતી નથી.

નોંધ-૨. આમ છતાં, કેન્દ્ર સરકાર અથવા બીજી રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારના બીજા ખાતા હેઠળની નોકરીમાંથી રાજીનામું આપ્યા પછી/છટણી થયેથી, આ નિયમોનો લાભ ધરાવતી જગા પર નોકરીમાં તૂટ વિના, હંગામી અથવા કાયમી ધોરણે નીમવામાં આવેલી વ્યકિતઓને આ નિયમની જોગવાઈ લાગુ પડશે.

## કાર્યપધ્ધતિના નિયમો

* ૩૩, કમી કરેલ છે.

૩૪ ભારતમાં મળતરમાંથી કપાત દ્વારા અથવા રોકડેથી ફાળો ચૂકવતી વેળા બચતદારે ફંડનો તેનો ખાતાનો નંબર લખવો. આ નંબર હિસાબ અધિકારી તેને જણાવશે. આજ રીતે નંબર અંગેનો કોઈપણ ફેરફાર હિસાબ અધિકારીએ બચતદારને જણાવવો.

---

+ નાણાં વિભાગના તા.૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૪૩-પીએફ-આર-૨૪૭૧-૯૬૨-સીએચથી દાખલ કરેલ છે.

*એજનથી કમી કરેલ છે.

૩૫. (૧) હિસાબ અધિકારીએ દરેક વર્ષ પૂરું થયા પછી દરેક બચતદારને, ફંડમાં તેના ખાતે તે વર્ષના એપ્રિલ મહિનાની ૧લી તારીખના રોજ ઉઘડતી સિલક, વર્ષ દરમિયાન જમા થયેલી કે ઉપાડેલી કુલ રકમ વર્ષની ૩૧મી માર્ચે જમા થયેલી વ્યાજની કુલ રકમ અને તે તારીખે બંધ થતી સિલક દર્શાવતું હિસાબપત્રક બને તેટલું જલદી મોકલવું. હિસાબ અધિકારીએ હિસાબપત્રક સાથે બચતદારને નીચેનું પુછાણ બીડવું-

(ક) નિયમ ૭ હેઠળ અથવા અગાઉ અમલમાં હોય તેવા તેને અનુરૂપ નિયમ હેઠળ કરવામાં આવેલ નિયુકિતમાં બચતદાર કોઈ ફેરફાર કરવા ઈચ્છે છે કે કેમ,

(ખ) નિયમ ૭ ના પેટા-નિયમ (૧)ના પરંતુક હેઠળ બચતદારે તેના કુટુંબના સભ્યોની તરફેણમાં નિયુકિત કરી ન હોય તેવા કિસ્સામાં હવે તે કુટુંબવાળો થયો છે કે કેમ.

(૨) વાર્ષિક પત્રકના ખરાપણા અંગે બચતદારોએ ખાતરી કરી લેવી અને પત્રક મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર ભૂલો હિસાબ અધિકારીના ધ્યાન ઉપર લાવવી.

(૩) હિસાબ અધિકારીએ, બચતદાર માગે, તો છેલ્લા જે મહિનાનો તેનો હિસાબ હોય તે મહિનાના અંતે તેને ખાતે જમા હોય તે કુલ રકમની તેને વર્ષમાં વધુવાર નહિ પરંતુ એકવાર જાણ કરવી.

× [૩૬. પ્રકીર્ણ - સરકારને એમ ખાતરી થાય કે, આ નિયમોના અમલથી, બચતદારને નિવારી ન શકાય તેવી મુશ્કેલી પડશે અથવા પડવાનો સંભવ છે તો, સરકાર આ નિયમોમાં ગમે તે કોઈપણ મજકૂર હોય તે છતાં, સરકારને ન્યાયી અને યોગ્ય લાગે તેવી રીતે, આવા બચતદારના કેસની તજવીજ કરી શકશે.]

---

× નાણાં વિભાગના તા. ૩જી જુન, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએન-૮૭) પીએફઆર-૧૦૮૨-૨૨૯-સીએચ અને નાણાં વિભાગના તા. ૧૯મી ઓકટોબર ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન-૧૨૬-પી એફ આર-૧૦૮૨-૨૨૯-સીએચથી દાખલ કરેલ છે.